શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે જન્માષ્ટમી ઉત્સવ, ભક્તિ સંગીત : ડૉ. જયંત વસાવડાના 'સ્વરગુંજન નાગર મિત્રમંડળ' દ્વારા ભક્તિરસની લહાણ (તા. ૨૮-૮-૨૦૧૩, રાત્રે ૯.૦૦થી મહાનિશા ૧.૦૦ વાગ્યા સુધી)

અનુપમ મિશન, એલનટાઉન, અમેરિકા ખાતે ઉત્સવ ત્રિવેણી પ્રસંગે સંત સમાગમ, મહામંડળેશ્વર શ્રી સ્વામી નિત્યાનંદજી, શ્રી સ્વામી વિદિતાત્માનંદજી, પૂજ્ય સાહેબજી અને પૂજ્ય સ્વામીજી

૧૫મી ઓગસ્ટે ડૉ. માર્ટીન લ્યુથર કિંગ સ્મૃતિ ભવન, એટલાન્ટા (અમેરિકા) ખાતે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીનું વિશિષ્ટ ઉદ્‌બોધન અને ઉપસ્થિત વરિષ્ઠ મહાનુભાવો

દૃઢ શ્રદ્ધા

ગીતા, ગુરુ અને ગોવિંદમાં દૃઢ શ્રદ્ધા રાખો. ઈશ્વરને આત્મસમર્પણ કરીને હંમેશાં માગો કે હે ઈશ્વર! આ બધું તારું જ છે. હું પણ તારો જ છું. તારી ઈચ્છા પ્રમાણે જ થાઓ. એથી વધુ હું કશું માગતો નથી. સર્વ સંજોગો અને પ્રસંગોમાં ઈશ્વર-ઈચ્છાને મુખ્ય સમજી તેને આધીન રહો.

- સ્વામી ચિદાનંદ

If undelivered return to:
"Divya Jivan" Gujarat Divya Jivan Sangh
Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234

Print Vision

દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● વર્ષ - ૧૦, અંક - ૯, સપ્ટેમ્બર-૨૦૧૩

Postal Registration No. GAMC 1417/2012-2014 Valid up to 31-12-2014 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahbad-2. Annual Subscription Rs.150/-

ગુરુ હમારે તન મન ધન હૈ;
ગુરુ હમારે પ્રાણ ।
સારે વિશ્વકા વહ હૈ દાતા;
નારાયણ ભગવાન ॥



પ્રાકટ્યદિન : ૦૮-૦૯-૨૦૧૩

પ્રાકટ્યદિન : ૨૪-૦૯-૨૦૧૩

ગુરુની આવશ્યકતા

આધ્યાત્મિક માર્ગે ડગલાં માંડનારને માટે ગુરુની ખાસ જરૂર છે. જેમ જ્યોતનું જ્ઞાન મેળવવા માટે પ્રજ્વલિત જ્યોત જોઈએ, તે જ પ્રમાણે પ્રકાશમય આત્મા જ બીજા આત્માને પ્રકાશિત કરી શકે.

- સ્વામી શિવાનંદ

॥ ૐ શ્રી દુર્ગાયૈ નમઃ ॥

નવરાત્રી પર્વ : તા. ૫-૧૦-૨૦૧૩ થી ૧૪-૧૦-૨૦૧૩ (દશેરા સુધી)

શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે રથયાત્રા
તા. ૧૦ જુલાઈ, ૨૦૧૩

૧૫મી ઓગસ્ટે સ્વતંત્રતા દિવસ નિમિત્તે ધ્વજવંદન
શ્રી અરુણ ઓઝા દ્વારા

શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વ : ભાગવત માસ પારાયણ વ્યાસપીઠસ્થ : શ્રી મધુસૂદન શાસ્ત્રીજી (રાજકોટ)
છબીમાં ભક્ત મહેરામણ અને બાલગોપાલનું દર્શન (તા. ૨૮-૮-૨૦૧૩)

શ્રાવણમાસ નિમિત્તે 'બિલ્વપત્ર શિવાર્પણમ્' શૃંગાર (તા. ૨૦-૮-૨૦૧૩)

શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત

દિવ્ય જીવન

વર્ષ : ૧૦ અંક : ૯ સપ્ટેમ્બર-૨૦૧૩

સંસ્થાપક અને આદ્યતંત્રી :
બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
સંપાદક મંડળ :
શ્રી સ્વામી અધ્યાત્માનંદજી
ડૉ. મફતલાલ જે. પટણી
શ્રીમતી રૂપા મજમુદાર

O

લેખ મોકલવાનું સરનામું :
તંત્રીશ્રી : ડૉ. મફતલાલ જે. પટણી
૪, વિશ્વભારતી સોસાયટી,
નવરંગપુરા ટેલિફોન ટાવર પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૪૦૮૪૦૬

O

મુખ્ય કાર્યાલય :
'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :
સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ
ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :
શ્રી યશોભાઈ દેસાઈ
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

O

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

લવાજમ

ભારતમાં

વાર્ષિક લવાજમ	:	રૂ. ૧૫૦/-
શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે)	:	રૂ. ૧૫૦૦/-
પેટ્રન લવાજમ	:	રૂ. ૩૦૦૦/-
છૂટક નકલ	:	રૂ. ૧૫/-
વિદેશ માટે (એર મેઈલ)		
વાર્ષિક (એર મેઈલ)	:	રૂ. ૧૮૦૦/-
શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે)	:	રૂ. ૧૫૦૦૦/-

ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા

ॐ

सिद्धं यत्सर्वभूतादि विश्वाधिष्ठानमव्ययम् ।
यस्मिन् सिद्धाः समाविष्टास्तद्वै सिद्धासनं विन्दु ॥

यन्मूलं सर्वभूतानां यन्मूलं चित्तबन्धनम् ।
मूलबन्धः सदा सेव्यो योगोऽसौ राजयोगिनाम् ॥

अङ्गानां समतां विद्यात्समे ब्रह्मणि लीयते ।
नोचेन्नैव समानत्वमृजुत्वं शुष्कवृक्षवत् ॥

अपरोक्षानुभूतिः ११३,११४,११५

જે (બ્રહ્મ) સઘળા ભૂતોથી પ્રથમ સિદ્ધ, જગતનું અધિષ્ઠાન (ને) અવ્યય (છે, ને) જેમાં સિદ્ધો સારી રીતે પ્રવેશ પામેલા (છે,) તે (બ્રહ્મ)ને જ (વિદ્વાનો) સિદ્ધાસન જાણે છે.

જે (બ્રહ્મ) સર્વ ભૂતોનું કારણ (છે), જે ચિત્તના નિગ્રહનું નિમિત્ત (છે), (તે બ્રહ્મરૂપ) મૂલબંધ (મુમુક્ષુએ) સર્વદા સેવવા યોગ્ય (છે) આ (મૂલબંધ) રાજયોગીઓનો યોગ (છે).

સમરૂપ બ્રહ્મમાં લીન થાય તેને અંગોની સમતા જાણો. જો તેમ નહોય તો તે વૃક્ષના જેવું સરલપણું (તે) સમાનપણું નથી જ.

પૂજ્ય દાદાજી અને દાદીમાના પવિત્ર સ્મરણાર્થે જનહિત અર્થે જાજલ પરિવાર તરફથી સાદર

શિવાનંદ વાણી

કૃષ્ણાવતારનો હેતુ : દુષ્ટ દૈત્યોનો વિનાશ કરવો, કુરુક્ષેત્રના રણમાં ખેલાયેલા મહાન યુદ્ધમાં અગ્રભાગ લેવો અને ભારતની ભક્તિ માર્ગના અદ્‌ભૂત વિકાસનું કેન્દ્ર બનવું. આમ, ત્રિવિધ ઉદ્દેશથી શ્રી કૃષ્ણે અવતાર ધારણ કર્યો હતો. કૃષ્ણાવતારનો હેતુ માત્ર અધર્મનો નાશ કરવા પૂરતો જ ન હતો, પણ પરમાત્માની ભવ્ય મહત્તા જગત સામે પ્રકટ કરવાનો પણ હતો. એ પૂર્ણતાના પ્રતીકરૂપ હતા. એમના જીવનનું સમરૂપ, સપ્રમાણ આચરણ પરમાત્માની ભવ્ય પૂર્ણતાના પ્રતિબિંબરૂપ છે. **- સ્વામી શિવાનંદ**

પ્રકાશક : અરુણ દેવેન્દ્ર ઓઝા, **માલિક :** ગુજરાત દિવ્ય જીવન સંઘ **મુદ્રક :** પ્રિન્ટ વિઝન પ્રા. લિ., પ્રિન્ટ વિઝન હાઉસ આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ પ્રેસ ખાતે છપાવી શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫થી પ્રકાશિત કર્યું.

અનુક્રમ

૧.	શ્લોક - આત્મબોધ	શ્રીમદ્ આદિ શંકરાચાર્ય..........	૩
૨.	અનુક્રમ, તહેવાર સૂચિ	....	૪
૩.	સંપાદકીય	સંપાદક........................	૫
૪.	શૈવપંથ-૪	ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી......	૬
૫.	સાધનામાં અંતરદષ્ટિ	શ્રી સ્વામી ચિદાનંદજી............	૧૦
૬.	મનાચે શ્લોક-મનોબોધ	શ્રી સ્વામી અધ્યાત્માનંદજી........	૧૨
૭.	ભક્તિ સરિતાના અનેક ઘાટ-૨	શ્રી સ્વામી ગોવિંદદેવગિરિજી......	૧૪
૮.	એકાગ્રતા અને ધ્યાન	શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદ........	૧૮
૯.	નામસ્મરણ	શ્રી સ્વામી અભિરામદાસત્યાગીજી..	૨૧
૧૦.	શિવાનંદ કથામૃત	ગુરુદેવના સંન્યાસી શિષ્યો.........	૨૩
૧૧.	અમૃતપુત્ર-૨૦	શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડે.......	૨૬
૧૨.	વૃત્તાંત	....	૩૧

તહેવાર સૂચિ

સપ્ટેમ્બર, ૨૦૧૩

તા.	તિથિ	**(શ્રાવણ વદ)**
૧	૧૧	એકાદશી
૨	૧૨	પ્રદોષ પૂજા
૩	૧૩	પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની પુણ્યતિથિ આરાધનાની પાંચમી સંવત્સરી
૫	૩૦	અમાવાસ્યા
		(ભાદરવા સુદ)
૮	૩	પૂજ્ય શ્રી શિવાનંદજી મહારાજનો ૧૨૬મો જન્મદિન
૯	૪	શ્રી ગણેશચતુર્થી
૧૦	૫	ઋષિપંચમી
૧૨	૮	શ્રી રાધાઅષ્ટમી
૧૫	૧૧	એકાદશી
૧૬	૧૨	શ્રી વામન જયંતી
૧૭	૧૩	પ્રદોષ પૂજા
૧૮	૧૪	શ્રી અનંત ચતુર્દશી
૧૮/૧૯	૧૪/૧૫	પૂર્ણિમા
૧૯	૧૫	મહાલય (પિતૃપક્ષ) શરૂ
		(ભાદરવા વદ)
૩૦	૧૧	એકાદશી

"અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- **આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ટપાલ ખાતાના નવા નિયમો મુજબ અનિવાર્ય છે. તેથી સરનામાંની ચોકસાઈ માટે વિનંતી.**
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

દિવ્ય સ્ફુલિંગ

ઉચ્ચતમની પસંદગી : જો તમારું આંતરિક મન તદન અવ્યવસ્થિત હોય અને તમારી જાતને જ પૂર્ણ માનતા હો એવા ખોટા ગુમાની પરમ-અહંકારી હશો તો પછી તમને ઈશ્વર જ બચાવી શકે! માટે ખૂબ નિખાલસતા અને પ્રામાણિકતાની જરૂર છે. તમારી જાતને સુધારવાની આકાંક્ષા નહિ હોય તો કંઈ જ ઉચ્ચતર મેળવવું મુશ્કેલ છે. તમારે ઉચ્ચતમને જ પસંદ કરી તેનાથી સહેજ ઓછું સ્વીકારવું ન જોઈએ.

- સ્વામી ચિદાનંદ

સંપાદકીય

માનવ માત્રનું સાચું સ્વરૂપ આનંદ સ્વરૂપ છે. શાંત સ્વરૂપ છે. આનંદોઽહમ્ શાન્તોઽયમ્ આત્મા-તો પછી માણસ દુઃખી શા માટે થાય છે ? આ દુવિધાસભર પ્રશ્ન અર્જુને પણ પૂછ્યો છે. ''અથ કેન પ્રયુક્તોઽયં પાપં ચરિત પુરુષઃ। અનિચ્છન્નપિ વાર્ષ્ણેય બલાદિવ નિયોજિતઃ॥ (ગીતા : ૩: ૩૬)

હે વાસુદેવ! ઇચ્છા ન હોવા છતાં પણ કયા કારણસર માણસ પાપ કરે છે. બળજબરીથી કોણ તેની સાથે બધું ખોટું કામ કરાવે છે?

ભગવાને આ પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું. '' કામ એષ-કોધ એષ રજોગુણસમુદ્ભવઃ '' (ગીતાઃ૩ઃ૩૭) રજોગુણમાંથી ઉપજતા કામ અને ક્રોધ વડે જ આવું બનતું હોય છે.

હવે જ્યાં સુધી સમગ્ર માનવજાતિનો પ્રશ્ન છે, સત્ત્વ, રજ અને તમ નામના ત્રિગુણોથી જ આ સમગ્ર વિશ્વનું નિર્માણ થયું છે. જો જીવનમાં નિત્યનૈમિત્તિક ધ્યાન, પ્રાર્થના, જપ અને સદ્ગ્રંથોનું અનુશીલન તથા પરિશીલન હોય તો તમનો નાશ, સત્વરે થઈ શકે, તેની સાથે નિયમિત થોડા પ્રાણાયામનો પણ અભ્યાસ હોય તો શેષ રાજસિક વૃત્તિનો સાત્ત્વિક વૃત્તિમાં લય કરી શકાય.

માનવ માત્ર સ્વકીય જીવનમાં જે શાંતિ ઉત્કર્ષ કે અભ્યુદય ઇચ્છે છે, તેમાં કોઈ પ્રમુખ અવરોધ હોય તો તે તેનામાં રહેલો 'વ્યક્તિગત' અહંકાર જ છે. ગીતાજીના દૈવાસુરસંપદ વિભાગમાં દુઃખ સાથે શ્રીકૃષ્ણ આવી વ્યક્તિઓનું વર્ણન કરતાં કહે છે, ''આશાપાશશતૈર્બદ્ધાઃ કામ ક્રોધપરાયણાઃ.। ઈહન્તે કામ ભોગાર્થમન્યાયેનાર્થ સંચયાન્'' (ગીતા : ૧૬:૧૨).

અગણિત ઈચ્છાઓ અને કામનાઓમાં બંધાયેલો તે માણસ માત્ર કામ અને ક્રોધનું જ મૂર્ત-સ્વરૂપ છે. પોતાની જ વાતોની, મોટાઈની વાતો કરવામાં પ્રવીણ પણ છે. ''ઈદમદ્યમયા લબ્ધમિમં પ્રાપ્સ્યે મનોરથમ્ ઈદમસ્તીદમપિ મે ભવિષ્યતિ પુનર્ધનમ્'' (ગીતા : ૧૬:૧૩).

મેં આ પ્રાપ્ત કર્યું. બીજું પ્રાપ્ત કરવાનો પણ મારો મનોરથ છે જ. હું આમ છું, તેમ છું. મારું જ ભાવિ ઊજળું છે. ''આગલા શ્લોકોમાં તો એટલે સુધી કહ્યું.'' મેં આને માર્યો છે, બીજાને પણ મારવાનો છું. ઈશ્વર જ હું છું. ભોગી, સિદ્ધ બળવાન અને સુખી મારા જેવું બીજું કોઈ નથી. મારા જેવું બીજું કોઈ નથી 'કોઽન્યોઽસ્તિ સદૃશો મયા' શ્રીકૃષ્ણ કહે છે, આવા લોકો અનેક પ્રકારે ચિત્તના ચકડોળે ચઢેલા હોય છે, પોતે ઊભી કરેલી મોહજાળમાં ફસાયેલા અને કામભોગની વાસનાના બંધને બંધાયેલા અંતે અશુભ અને દુઃખના દાવાનળના જ ભોગી થાય છે, તેમનાં જીવન દંભી હોય છે. તે આસુરી પ્રવૃત્તિ જીવનારા જ હોય છે.

ચાણક્યનું કથન વધુ દુઃખપ્રદાયક છે. તેમનાં નીતિસૂત્રોમાં કહે છે. ''તક્ષકસ્ય વિષં દન્તે મક્ષિકાયાસ્તુ મસ્તકે વૃશ્ચિકસ્ય પૂચ્છે વિષં સર્વાંગે દુર્જને વિષમ્ ॥ સર્પના દાંતમાં ઝેર હોય છે; અને ભમરીના માથા ઉપર (મધમાખીની માખી) વીંછીની પૂંછડીમાં ડંખ હોય છે, જ્યારે દુર્ભાગ્યે દુર્જન-દુષ્ટ પુરુષ તો ઉપરથી નીચે ઝેરથી જ ભરેલો અને ડંખીલો હોય છે, માટે તેવી પ્રકૃતિ કે જ્યાં પ્રકૃતિ વિકૃતિ પામેલી છે, તેમનાથી સાચવવું''

ભગવાન ભાષ્યકાર આદિ શંકરાચાર્યજી એ વિવેક ચૂડામણિમાં કહ્યું, ''ય એષુ મૂઢા વિષયેષુ બુદ્ધા ગોરુપાશેન સુદુર્દમેના આયાન્તિ નિર્યાન્ત્યધ ઊર્ધ્વમુચ્ચૈ :, સ્વકર્મદૂતેન જવેન નીતાઃ'' તે મૂર્ખાઓ કે જે ઐન્દ્રિયજન્ય વિષયોમાં

અનુસંધાન પાના નં. ૧૩ ઉપર)

શૈવપંથ-૪

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

સુંદરમૂર્તિ

સુંદરમૂર્તિ નાયનાર ભગવાન શિવના પરમ ભક્ત હતા. તે ઘણાં મંદિરોમાં દર્શનાર્થે જતા. ભગવાન તેની સમક્ષ હાજર થતા અને તેમનાં પવિત્ર ચરણ સુંદરમૂર્તિના માથા પર મૂકતા. ભગવાને તેમને મિત્ર બનાવ્યા હતા.

સુંદરમૂર્તિએ એક વખત પોતાની પત્ની પરવૈ માટે સુવર્ણની માગણી કરી. તે ઈંટોને પોતાનું ઓશીકું કરી સૂઈ ગયા. જ્યારે તે જાગ્યા ત્યારે જોયું કે ઈંટો સોનાની થઈ ગઈ હતી. જ્યારે સુંદરમૂર્તિ ભૂખ્યા હોય ત્યારે ભગવાન શિવ, ભિક્ષા માગી તેમને જમાડતા.

એક દિવસ, એક ગામમાંની શેરીમાં થઈ પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે એક ઘરમાં રૂદન સાંભળ્યું અને સામા ઘરમાં હર્ષ થતો સાંભળ્યો.

તેમણે લોકોને પૂછ્યું : ''આ બન્ને ઘરમાં શું થયું છે?'' લોકોએ કહ્યું : ''બે-પાંચ વર્ષનાં બાળકો સરોવરમાં નહાવા માટે ગયાં હતાં. તેમાંથી એકને મગર ખાઈ ગયો, બીજો બચી ગયો. જે છોકરાને મગરે મારી નાખ્યો તેનાં સંબંધી રૂએ છે અને જે છોકરો બચી ગયો તેનાં મા-બાપ હર્ષ વ્યક્ત કરે છે.'' સુંદરમૂર્તિને ખૂબ આઘાત લાગ્યો, તેમણે ''યેત્રાન મરકડે'' નામનું શિવ-સ્તુતિનું પડિગમ્ ગાયું. ભગવાન યમના આદેશ પ્રમાણે મગર તે બાળકને સરોવરના કિનારા પર પાછો મૂકી ગયો. તેનાં માબાપને ખૂબ આનંદ થયો અને સંતને પ્રણામ કર્યાં.

તેમની યાત્રા દરમિયાન એક વખત પૂર આવેલી નદીના કિનારે આવ્યા. તેઓ તિરુવાયરના ભગવાન શિવનાં દર્શને જતા હતા. તેમણે એક પડિગમ્ ગાયું પાણી એકદમ થંભી ગયાં અને તેમને જવા માટે રસ્તો કરી આપ્યો. તેઓએ તિરુવાયર પહોંચી સમયસર ભગવાનની પૂજા કરી. સુંદરમૂર્તિએ ભગવાન શિવનો મહિમા ઘણાં મંદિરોમાં તથા પવિત્ર સમાધિઓમાં જઈ ગાયો હતો. આત્માને હલાવી નાખતાં આ સ્તોત્રો 'તેવરમ્'ના એક ભાગરૂપે છે. સુંદરમૂર્તિને ભગવાન શિવ પ્રત્યે સખ્ય ભાવ હતો. એટલે કે તેઓ ભગવાન શિવને મિત્ર માનતા હતા. ભગવાન શિવ સાથે તેઓ બધા પ્રકારની છૂટ લેતા હતા. તેઓ ભગવાનની પાસે સોના, મોતી, ઝવેરાત અને હીરા પણ માગતા હતા, પણ તેમણે ભોગ-લાલસાથી આ બધાની કદી પણ માગણી કરી ન હતી. તેમને અંગત કોઈ કામનાઓ હતી જ નહિ. ભગવાને આપેલી સંપત્તિ તેમના પર નભતા ભક્તોના ભલા માટે તેઓ વાપરતા હતા. સુંદરમૂર્તિએ જગત સમક્ષ ભક્તિયોગના સખ્ય પંથને રજૂ કર્યો.

માણિકવાસગર

માણિકવાસગર એક બીજા પ્રસિદ્ધ આચાર્ય હતા. તેમણે પોતાના સદ્‌ગુણો, તેમના દિવ્ય વ્યક્તિત્વ અને ઉચ્ચ જ્ઞાનથી બધાંનાં મન જીતી લીધાં હતાં. મદુરાના રાજાએ તેમની ખ્યાતિ સાંભળી હતી. તેઓ વહીવટી કામમાં પણ ખૂબ શક્તિશાળી અને સક્ષમ હતા તે પણ તેના જાણવામાં આવ્યું. રાજાએ તેમને રાજ્યના મુખ્ય પ્રધાન બનાવ્યા.

એક વખત રાજાએ રાજ્યના કામ માટે કેટલાક ઘોડાની ખરીદી કરવાનું કહ્યું. મુસાફરી દરમિયાન એક સ્થળે માણિકવાસગરે તિરુપેરન્દુરાઈના બગીચામાં થતું શિવ-કીર્તન સાંભળ્યું. યોગીનું સ્વરૂપ લઈ ભગવાન શિવ પોતે તેમના શિષ્યો સાથે એક વૃક્ષ નીચે બેઠા હતા. તેમની ઈચ્છા માણિકવાસગરને શિવજ્ઞાનની દીક્ષા આપવાની હતી. માણિકવાસગરે ભગવાનના ચરણોમાં દંડવત્ પ્રણામ કર્યાં અને પોતાની જાતને પૂર્ણપણે તેમને સમર્પિત કરી દીધી. ભગવાન શિવે શિવજ્ઞાનના રહસ્યની દીક્ષા આપી. માણિકવાસગરે તેની પાસે રાજાનું જે ધન હતું તે મંદિરો બાંધવામાં અને ગરીબોને અન્નદાન આપવામાં ખર્ચી નાખ્યું. તે ફક્ત એક લંગોટી પહેરતા અને સંન્યાસ ગ્રહણ કર્યો.

જ્યારે રાજાને આ વાતની જાણ કરવામાં આવી ત્યારે તેણે માણિકવાસગરને તાત્કાલિક પાછા આવવાનો હુકમ કર્યો. માણિકવાસગરે હુકમ તરફ કંઈ ધ્યાન આપ્યું નહિ. ભગવાન શિવે માણિકવાસગરને કહ્યું: ''હું આવણી મુલમ્‌ના દિને ઘોડા પાછા લાવીશ. તું આગળ જા અને રાજાને આ હીરો ભેટ આપ.''

માણિકવાસગર મદુરા ગયા અને રાજાને હીરો ભેટ આપી જણાવ્યું : ''ઘોડા આવણિ મુલમ્‌ના દિવસે આવી જશે.'' રાજા અધીરો થતો હતો. દિવસો પસાર થતા હતા પણ તેને ઘોડાઓ વિશે કોઈ જ સમાચાર મળતા ન હતા. હવે આવણિ મુલમ્‌ને ફક્ત બે જ દિવસ બાકી હતા. રાજાને એમ લાગ્યું કે માણિકવાસગર તેને છેતરી રહ્યો છે. તેણે સંતની ધરપકડ કરી તેમને કેદમાં નાખ્યા. ત્યાં તેમને ખૂબ ત્રાસ આપવામાં આવ્યો.

આવણિ મુલમ્‌ની સવારે ઘોડાઓ આવી પહોંચ્યા. ભગવાન પોતે ઘોડાઓના સેવક બન્યા. ભગવાન પોતાના ભક્તો તરફ કેવા દયાળુ છે! રાજાને ખૂબ ખુશી થઈ. તેણે મણિકવાસગરને તરત જ જેલમાંથી છોડી મૂક્યા અને ખરાબ વર્તન માટે તેમની માફી માગી.

ઘોડાઓ ખરેખર તો શિયાળ હતાં, પણ ભગવાનની લીલાને લીધે ઘોડાના રૂપમાં ફેરવાઈ ગયાં હતાં. જ્યારે ભગવાન અને માણિકવાસગરે શહેર છોડ્યું કે તરત જ ઘોડામાંથી શિયાળ થઈ ગયાં. રાજા ખૂબ રોષે ભરાયો. તેણે ફરીથી માણિકવાસગરને પકડ્યા અને ખૂબ ત્રાસ આપ્યો. નદીની સૂકી રેતીમાં તેને ઊભા રાખવામાં આવ્યા. ભગવાનની લીલાથી પોતાના ભક્તને ઠંડક મળે માટે નદીમાં કસમયે મોટું પૂર આવ્યું. આખું નગર પૂરમાં ડૂબી જશે તેમ લાગ્યું. પ્રધાનોએ રાજાને કહ્યું કે આ આપત્તિ રાજાએ સંતને કરેલી સજાને લીધે છે. રાજાએ તરત જ માણિકવાસગરને મુક્ત કર્યા, તેને દંડવત્ પ્રણામ કરી પૂરને અટકાવવાની પ્રાર્થના કરી. માણિકવાસગરે જેવો નદીમાં પગ મૂક્યો કે તરત જ પૂર ઓસરી ગયું.

હવે ભગવાન શિવે સંતને યાત્રાનાં બધાં ધામોની મુલાકાત લેવા આદેશ આપ્યો. માણિકવાસગરે ઘણાં મંદિરોની યાત્રા કરી અને તિરુવાસગમ્ નું ગાન કર્યું. આ સંતે ગાયેલાં શ્રેષ્ઠ, સુંદર, ઉદાત્ત અને પ્રેરક ભજનોનો સંગ્રહ છે. શિવભક્તો દરરોજ તિરુવાસગમ્‌નો પાઠ કરે છે. વહાલાં બાળકો, આ શૈવ આચાર્યોનાં જીવન પરથી તમે જોઈ શકશો કે ભગવાન શિવ પોતાના ભક્તોના કેવી રીતે ચાકર બન્યા હતા.

ત્રેસઠ નાયનાર સંતો

કેટલાક જાણીતા નાયનાર સંતો વિષે જોઈએ.

તિરુનીલકંઠ નાયનાર જાતિએ ચિદંબરમ્‌ના કુંભાર હતા. એક દિવસ જ્યારે તે ભગવાનની પૂજા કરતા હતાં ત્યારે એક કરોળિયો ભગવાનની મૂર્તિ પર પડ્યો. તેમની પત્ની પણ મહાન શિવભક્ત હતી. તેણે તરત જ તેને દૂર કર્યો અને જે જગ્યા પર કરોળિયો પડ્યો હતો ત્યાં પોતાનું થૂંક લગાવ્યું. પોતાની પત્નીની આવી વર્તણૂક જોઈને સંતને ખૂબ ક્ષોભ થયો. તેમને લાગ્યું કે ભગવાનની મૂર્તિ અશુદ્ધ થઈ ગઈ. તેમણે પોતાની પત્નીને છોડી દેવાનો નિર્ણય કર્યો, પણ શિવ સ્વપ્નમાં તેમને દેખાયા અને કહ્યું : ''મારા શરીર સામે જો. જે ભાગ ઉપર તારી પત્નીએ થૂંક લગાડ્યું છે. તે સિવાયનું મારું આખું શરીર કરોળિયાના ઝેરના ફોલ્લાથી ભરાઈ ગયું છે.'' આ સ્વપ્ને સંતની આંખો ઉઘાડી. તેમને હવે સમજાયું કે શાસ્ત્રના જ્ઞાન કરતાં ભક્તિ વધુ મહત્ત્વની છે.

સિરુતોન્ડર એક બીજા નાયનાર સંત હતા. તેમણે તેમની પાસે ભક્ત સ્વરૂપમાં આવેલા ભગવાન શિવની ઈચ્છા પૂર્ણ કરવા માટે પોતાના બાળકને મારી નાખી તેના માંસની વાનગી ભક્તને જમવા માટે બનાવી હતી. શિવની દૃષ્ટિએ જે સદ્‌ગુણ ગણાતો હોય તેના પાલન માટે શાસ્ત્રના નિયમો વિરુદ્ધ જવા માટે પણ તે તૈયાર હતા. તે કંઈ બહુ ભણેલા, ફિલસૂફ કે યોગી ન હતા, પણ તેમને ભગવાન શિવના ભક્તો તરફ ખૂબ પ્રેમ હતો. તેમની સેવા કરવા માટે તેમણે કેવડો મોટો આત્મભોગ આપ્યો!

જ્યારે સિરુતોન્ડરે આ રીતે પોતાના બાળકનું બલિદાન આપ્યું ત્યારે ભગવાન શિવ પાર્વતી, ભગવાન સુબ્રમણ્ય અને ભક્ત સાથે તેમની સમક્ષ પ્રગટ થયા

માંસની વાનગી અદૃશ્ય થઈ ગઈ! સિરુતોન્દરે પછી બહાર જઈ તેના પુત્રને બૂમ મારી બોલાવ્યો. તે તરત જ દોડતો આવ્યો. ભગવાન પોતાના ભક્ત માટે તે માગે તે અને બધું જ કરી શકે છે. કુગિલિક-કલૈયા નાયનાર તિરુક્કદેવુર મંદિરમાં અગરબત્તી આપતા હતા. એક વખતે તેમણે પોતાની બધી સંપત્તિ ગુમાવી દીધી. હવે તેમના ઘરમાં કંઈ જ ન હતું. તેના પત્નીએ એક થાળી આપી અને તેને ચોખા લાવવાનું કહ્યું. નાયનાર તેના બદલામાં મંદિર માટે અગરબત્તી લાવ્યા અને મંદિરમાં લઈ ગયા. ભગવાને તે રાત્રે તેમનાં પત્નીને અઢળક ધન આપ્યું અને મંદિરમાં બેઠેલા નાયનારને ઘેર જઈ ભોજન લેવાનું કહ્યું. નાયનારે જાણ્યું કે આડા પડેલા શિવલિંગને રાજા પ્રયત્નો કર્યા છતાં ઊભું કરી શક્યો ન હતો. તે ત્યાં ગયા અને એક દોરડું લિંગ અને પોતાની ગળાની આજુબાજુ વીંટી જોરથી ખેંચી લિંગને ઉભું કર્યું. દરેકને હવે નાયનારની મહાન ભક્તિની ખાતરી થઈ.

તેમને વેદો કે આગમોનું કંઈ જ જ્ઞાન ન હતું, પણ તે ભગવાનના સાચા ભક્ત હતા. ખરા દિલની ભક્તિની જ જરૂર છે. ધર્મશાસ્ત્રોના અભ્યાસથી ઘણીવાર માણસને તેની પંડિતાઈનું અભિમાન આવી જાય છે અને તે તેને ઈશ્વરથી વિમુખ કરે છે. તમે કણ્ણપ્પા નાયનારની રોમાંચક વાત સાંભળી હશે. તે સીધોસાદો શિકારી. હતો. ટેકરી પર શિવનું મંદિર જોઈ કણ્ણપ્પાને એકદમ પ્રબળ ભક્તિભાવ ઉત્પન્ન થયો. તેનો ભક્તિભાવ એટલો તીવ્ર હતો કે તેણે મારેલું એક ડુક્કર રાંધી તેના શ્રેષ્ઠ અવયવોને ચાખી પસંદગી કરી. પછી ભગવાનને તે ધરાવ્યા. તેના વાળમાં ભરાયેલાં ફૂલથી પૂજા કરી. મોઢામાં પાણી ભરી તેનો કોગળો કરી લિંગ પર અભિષેક કર્યો. દરરોજ રાત્રે આ પ્રમાણે તે પૂજા કરતો હતો અને સવારે શિકાર કરવા નીકળી જતો હતો.

મંદિરના પૂજારીએ જ્યારે લિંગને માંસથી અપવિત્ર કરેલું જોયું ત્યારે તેને ખૂબ આઘાત થયો અને લાંબી ધાર્મિકવિધિ કરી મંદિરને પવિત્ર કર્યું. પણ કણ્ણપ્પા દરરોજ રાત્રે મૂર્તિ પરનો શણગાર કાઢી નાખી પોતાની રીતે જ પૂજન કરતો હતો.

આવું પાંચ દિવસ ચાલ્યું. પૂજારી ખૂબ દુઃખી થઈ ગયો અને તેણે ભગવાનને આગ્રહપૂર્વક માગણી કરી. ભગવાને તેને સ્વપ્નમાં કહ્યું કે તેણે રાત્રે મૂર્તિની પાછળ સંતાઈ જઈ કણ્ણપ્પા શું કરે છે તે જોવું. જ્યારે કણ્ણપ્પા પોતાની રોજની પૂજા કરવા માટે રાત્રે દાખલ થયો ત્યારે ભગવાનના જમણા નેત્રમાંથી લોહી ટપકતું જોઈ તેને ખૂબ દુઃખ થયું. પૂજનની સામગ્રી તેના હાથમાંથી ભોંય પર પડી ગઈ. તે ખૂબ મોટેથી રૂદન કરવા લાગ્યો. તેણે તેની જાણીતી વનસ્પતિ લઈ આંખ પર લગાડી પણ કંઈ ફાયદો ન થયો. લોહી ચાલુ જ રહ્યું.

તેને એકદમ વિચાર આવ્યો. ''માંસના બદલામાં માંસ.'' તેણે તરત જ પોતાના તીરની અણીથી પોતાની જમણી આંખ કાઢી ભગવાનની મૂર્તિની જમણી આંખ પર લગાડી દીધી. લોહી નીકળતું બંધ થયું. કણ્ણપ્પા ખૂબ ખુશી થયો. તે ઊર્મિલ થઈ નાચતો હતો ત્યારે તેણે જોયું કે હવે ભગવાનની ડાબી આંખમાંથી લોહી આવવાનું શરૂ થયું. હવે તે ઉપાય જાણતો હતો, પણ જો પોતાની ડાબી આંખ કાઢી નાખે તો અંધ થવાથી ભગવાનની ડાબી આંખ કેવી રીતે શોધી શકે? એટલે તેણે જે જગા પર ભગવાનની ડાબી આંખ હતી ત્યાં પોતાનો ડાબો પગ ગોઠવ્યો અને પછી તીરથી ડાબી ઓખ કાઢવા માંડ્યો.

એકદમ ભગવાન શિવ તેની સમક્ષ પ્રગટ થયા અને તેનો હાથ પકડી લીધો અને કહ્યું : ''મારા વહાલા બાળક, હવે તારી આંખ કાઢીશ નહિ.'' ભગવાન કણ્ણપ્પાને ભેટી પડ્યા, આશીર્વાદ આપ્યા અને પોતાની જમણી બાજુ પર બેસાડ્યો. કણ્ણપ્પાને પોતાની દૃષ્ટિ પાછી મળી. પૂજારી આ અદ્‌ભુત બનાવ જોઈ ખૂબ આશ્ચર્ય પામ્યો. તે વખતના વિદ્વાન પંડિતોએ આ પ્રસંગને પવિત્રતાનો અનાદર ગણાવ્યો. તેમણે એક હજારને એક ધાર્મિક ક્રિયાઓ કરેલી હોવા છતાં ઈશ્વરથી તેઓ ઘણા દૂર હતા, કારણ કે તેમનામાં ભક્તિનો એક અંશ પણ ન હતો. તેમનાં હૃદય પથ્થર જેવાં, વેરાન અને પાપથી પૂર્ણ હતાં.

ઐયરપાગૈ નાયનારને શિવભક્તને જે કંઈ જોઈએ તે લાવી આપવાની પ્રતિજ્ઞા હતી. ભગવાન તેની કસોટી કરવા ઈચ્છતા હતા. એટલે તેઓ એક બ્રાહ્મણ ભક્તના વેશમાં નાયનાર પાસે આવ્યા અને કહ્યું : ''મને તારી પત્ની આપ.''

નાયનારે ખુશીથી તેની વિચિત્ર માગણીનો સ્વીકાર કર્યો. તેમના સંબંધીઓ ખૂબ ગુસ્સે થયા અને આનો ખૂબ વિરોધ કર્યો. એટલે નાયનાર આ બ્રાહ્મણ-યોગીને સહીસલામત રીતે જંગલમાં મૂકવા ગયા. જંગલમાં બ્રાહ્મણયોગી અદશ્ય થયા અને નાયનારનો પવિત્ર નંદી પર વિરાજેલા ભગવાન શિવનાં તેમના મૂળ સ્વરૂપમાં દર્શન થયાં. મૂર્તિ નાયનાર મદુરામાં ભગવાન શિવને સુખડ ઘસી ચઢાવતા હતા. જ્યારે સુખડનું લાકડું ન હોય ત્યારે પોતાની કોણીને પથ્થર પર ખૂબ જોરથી ઘસી લૂગદી બનાવતા. ભગવાન શિવ પ્રસન્ન થયા. નાયનારને રાજા બનાવવામાં આવ્યા. તેમનો છેલ્લે શિવના ધામમાં વાસ થયો. ભગવાન શિવને સામાન્ય રીતે અર્પણ થતા લાલ ચોખા મેળવી ન શકતાં અરિવત્તાય નાયનારે પોતાનું ગળું કાપવા માંડ્યું. ભગવાન શિવે તેને તેમ કરતાં અટકાવી પોતાના ધામમાં લઈ ગયા.

પ્રભુકૃપાને લીધે અછૂત સંત નંદે અગ્નિમાં પ્રવેશ કર્યો અને જનોઈ સાથે પવિત્ર ત્યાગીના સ્વરૂપમાં બહાર આવ્યા. નેમિ નંદિ અડિગલે ભગવાન શિવની શક્તિ તથા કૃપાથી પાણી ભરીને ફાનસ સળગાવ્યું. સાચો ભક્ત ભગવાનની કૃપાથી ગમે તે કરી શકે છે.

કલિ કંબ નાયનાર ભગવાન શિવની ભક્તોને પોતાને ત્યાં આમંત્રણ આપતા. પછી તેમના પગ ધોઈ જમાડતા. આ પવિત્ર સેવામાં તેમની પત્ની મદદ કરતી. એક પ્રસંગે તેમનો એક વખતનો નોકર શિવભક્ત તેમના ઘેર આવ્યો. હંમેશની માફક, નાયનારે તેના પગ ધોવા શરૂ કર્યા, પણ તેની પત્નીએ તેમને મદદ કરવા ઈન્કાર કર્યો. નાયનારે પત્નીના હાથ કાપી નાખ્યા અને સેવા પોતે એકલાએ કરી. તેમને પણ ભગવાન શિવનું ધામ પ્રાપ્ત થયું હતું. કલિ નાયનાર મંદિરના દીપ પોતે આપેલા તેલથી પ્રગટાવતા. જ્યારે તેમણે બધી મિલકત ગુમાવી દીધી. દીપ માટે તેલ કેવી રીતે લાવવું તેની ચિંતા થઈ. તેમણે પોતાની પત્નીને વેચવાનો વિચાર કર્યો, પણ કોઈ તેને લેવા તૈયાર થયું નહિ. પછી તેમણે તેલને બદલે દીપકમાં પોતાનું લોહી પૂરવાનો વિચાર કર્યો. તેઓ શરીર પર ઘા કરવા જતા કે તરત જ ભગવાન શિવ પ્રગટ થયા અને તેમને આશીર્વાદ આપ્યા.

સંત શેરુત્તુનલ નાયનારે જમીન પર પડી ગયેલું ભગવાન શિવની પૂજા માટેનું પુષ્પ રાણીએ સૂંઘતાં તેનું નાક કાપી નાખ્યું. રાજા પણ શિવ ભક્ત હતો. તેણે જ્યારે આ જાણ્યું ત્યારે વધારાની શિક્ષા તરીકે તેનું માથું કાપી નાખ્યું. પુષ્પોનો વરસાદ વરસ્યો. નાયનાર અને રાજા બંનેએ ભગવાન શિવની કૃપા પ્રાપ્ત કરી.

નાયનાર સંતોને શૈવ ફિલસૂફીની સાથે ખાસ લેવાદેવા ન હતી. સાચી ઈશ્વરની ભક્તિને કોઈ નિયમ લાગુ પડતા નથી. આ માન્યતા સાથે શિવની ભક્તિને તે વધુમાં વધુ મહત્ત્વ આપતા. શિવભક્તિનાં બાહ્ય સ્વરૂપો પ્રત્યે તેમને ખૂબ આદર હતો. આ બહારના સ્વરૂપને સાચવી રાખવા માટે કંઈ પણ કરવા પોતાના જીવના ભોગે પણ તેઓ તૈયાર રહેતા. ધર્માંધતાને તેઓ દુર્ગુણ લેખતા નહિ. નાયનાર સંતોના જીવન પ્રસંગો પરથી તમે જોઈ શકશો કે કોઈ પણ ધંધો કરતી કે ગમે તે જ્ઞાતિની વ્યક્તિ ભગવાન શિવની કૃપા પ્રાપ્ત કરી શકતી.

દક્ષિણ ભારતના નાયનાર સંતોનાં અદ્વિતીય ભક્તિ અને અગાધ પ્રેમ આધ્યાત્મિક ક્ષેત્રમાં ખરેખર ખૂબ દુર્લભ છે. તેમનાં પ્રેરક જીવન, આપણાં હૃદય ભલે પથ્થર જેવાં કઠણ હોય છતાં તેમને પણ ભક્તિમય કરે છે. તેમના સાચા દિલની કસોટી કરવા માટે તેમના પથમાં મૂકેલા અવરોધોને તેમની શુદ્ધ ભક્તિ, નિર્દોષ બાળક જેવો પ્રેમ, દઢ શ્રદ્ધા અને લોખંડી સંકલ્પ દૂર કરે છે. આ પ્રસંગો આવતી પેઢીઓને પ્રેરણા આપતા રહેશે.

☐ 'યોગના પાઠ'માંથી સાભાર

સર્વજિત્ શક્તિ

શ્રી સ્વામી ચિદાનંદજી

તેજસ્વી આત્મા! પ્રભુનાં વહાલાં બાળકો! પવિત્ર ઉત્તરાખંડની દિવ્ય ગંગામૈયાના કિનારે ગુરુદેવના પવિત્ર આશ્રમના સમાધિસ્થાનમાં ગુરુદેવની ઉપસ્થિતિમાં આપણે સૌ ભેગા થયા છીએ.

''સર્વમ્ વિષ્ણુમયમ્ જગત્'' -સમસ્ત વિશ્વમાં વિષ્ણુ ભગવાન પ્રવર્તી રહ્યા છે; ''સર્વમ્ ખલ્વિદમ્ બ્રહ્મ'' - આ સઘળું ખરેખર બ્રહ્મ જ છે - આ શબ્દો સત્ય સનાતન વૈદિક ધર્મ, જેને તમે હિન્દુ ધર્મ કહો છો તેનાં શાસ્ત્રોમાં આવે છે. હિન્દુ ધર્મનો એક સંપ્રદાય, તત્ત્વજ્ઞાનની એક શાખા, દરેક વસ્તુને એક પરમ, અનિર્વચનીય બ્રહ્માંડની શક્તિને એક મહાન વિશ્વવ્યાપક માતાજી સ્વરૂપે કલ્પીને, સમજીને, પૂજીને તેનો આદર કરે છે. આ વિશ્વવ્યાપી શક્તિને, મહાશક્તિ કે પરાશક્તિ કહે છે. અન્ય કશું જ પ્રગટ થયું તે પહેલાં તે એક જ શક્તિ હતી તેથી તે આદિશક્તિ પણ કહેવાય છે. આમ, આદિશક્તિ, પરાશક્તિ, મહાશક્તિ, એક મહાન અચિંત્ય શક્તિ કહેવાય છે. વિશ્વભરમાં જે કંઈ દેખાય છે તે બધું 'સર્વમ્ શક્તિમયમ્ જગત્' - આખું જગત વિશ્વવ્યાપી શક્તિથી ઓતપ્રોત છે.

અંદર-બહાર બધે શક્તિ, બળ, સામર્થ્ય-રૂપે જે સઘળું દેખાય છે. તે તેનું પ્રગટીકરણ છે. તે અંદર છે તેથી આપણાં અંગોમાં બળ છે. આપણે વિચારી શકીએ છીએ, કારણ વિચારશક્તિ રૂપે તે આપણામાં વસી રહી છે.તર્ક, બુદ્ધિ, દલીલ કરવાની શક્તિ જગતની માતાનું એક રૂપ છે. લાગણી અનુભવીએ કે અન્યની લાગણી સમજી શકીએ તે માતાની અભિવ્યક્તિનું રૂપ છે. સ્મૃતિ-મંજૂષામાંથી જૂની વિસરાઈ ગયેલી વાતો બહાર લાવવાની શક્તિ, એ આપણી અંદર વાસ કરી રહેલ વિશ્વવ્યાપી શક્તિનું એક પાસું છે. શારીરિક બળ, વિચારશક્તિ, ઈચ્છાશક્તિ, તર્કશક્તિ, વિવેકશક્તિ ભાવના, સ્મૃતિ, ભૂતકાળની કલ્પના, વર્તમાન તેમજ ભવિષ્યનું દર્શન બધું માતૃસ્વરૂપ છે. નદી વહે છે, પવન ફૂંકાય છે, અગ્નિ પ્રજ્વલિત થાય છે, મોટાં યંત્રો કામ કરે છે તે માતાજીની શક્તિને લીધે જ થાય છે. મચ્છરની કરડવાની શક્તિમાં, હાથીની ભારવહન શક્તિમાં, માતાજીનું સામર્થ્ય છે. 'સર્વમ્ શક્તિમયમ્ જગત્'- વિશ્વભરી શક્તિ સારાયે જગતને ભરી રહેલ છે.

એક વ્યક્તિ અઢળક સંપત્તિ ધરાવતી હોય પણ જો તે લોભી હોય, ધનનો કોઈ વપરાશ ન કરે, ધનરાશીને વેપારમાં રોકે નહિ તો તે દરિદ્ર જ રહેવાનો. તેની મૂડી વધશે નહિ. તેને મળ્યું છે તેનો તે ઉપયોગ ન કરે તો વધુ ને વધુ ધનાઢ્ય ન થઈ શકે; તે દુઃખભર્યો જન્મારો જ વીતાવે. તેનાં જૂનાં કપડાં પણ તે બદલવા નથી ઈચ્છતો. તેની પાસે તાકાત નથી એવું તો નથી પણ તે તાકાત વાપરતો નથી. બીજે છેડે, એક વેપારી, નવા ધંધામાં સતત રોકાણ કરી, કામ કરતો રહે છે, તેથી તેની સમૃદ્ધિની વૃદ્ધિનો અંત જ નથી હોતો. દિનપ્રતિદિન તે પ્રગતિ કરે છે, પોતાનું સામ્રાજ્ય વિકસાવે છે. આમ કેમ? કારણ તેની પાસે જે હોય તેનો તે ઉપયોગ કરે છે. તેની ગાંઠે છે તેનો તેણે ઉપયોગ કર્યો, તેના જીવનમાં વહેવારિક ઢબે પ્રયોગ કર્યો. તે જ રીતે, આપણી પાસે પણ છે, પરંતુ જો તેનો સદુપયોગ ન કરીએ તો જ્યાં હોઈએ ત્યાંથી આગળ ન ધપી શકાય. કોઈ પણ કાર્યપ્રદેશમાં સફળતાનું આ રહસ્ય છે : મહેનત અને વિનિયોગ, તેમાં સૌથી જરૂરી છે, મહેનત અને વિનિયોગમાં 'ખંત'. ગમે તે કામ હાથમાં લો, તેના પર લાગી પડો અને ધ્યેય હાંસલ ન થાય ત્યાં સુધી પ્રયત્ન ન છોડો. બસ લાગ્યા રહો, ખંતથી કાર્યને વળગી રહો. અંતિમ ધ્યેયપ્રાપ્તિ માટેની ચાવી સતત યત્ન જ છે. પોતપોતાની આગવી રીતે મહર્ષિ પતંજલિ અને શ્રીકૃષ્ણ આ જ વાત ખૂબ સ્પષ્ટપણે કહે છે. ભગવાન કૃષ્ણ ગીતાના છઠ્ઠા અધ્યાયમાં તે વાત કરે છે. અને મહર્ષિ પતંજલિ અષ્ટાંગ યોગના પાંચમા અંગ-ધારણા કે એકાગ્રતા-ના વિવરણમાં પણ આ સિદ્ધાંતનો રહસ્યસ્ફોટ કરે છે.ખંત એટલે માત્ર પકડ્યું તે છોડવું નહિ પણ

પ્રશાંત, ધીરગંભીર દૃઢતાપૂર્વક અંત સુધી લાગ્યા રહેવું ધારી લો કે આટલી ધગશ-ખંત બાદ પણ ધ્યેય ન હાંસલ થયું તો? તેની કંઈ જ ચિંતા નહિ. કારણ જે લાગ્યો રહ્યો, ખંતપૂર્વક કામ કરતો રહ્યો તે સફળ થઈ જ ચૂક્યો છે. કંઈક પ્રાપ્ત કરો તો જ સફળ થયા ગણાય તેવું નથી. પરંતુ સફળતા અધવચ્ચે છોડીને ચાલતા ન જઈએ તેમાં છે. અંત સુધી લાગ્યા રહો તે જ સફળતા. જીવનની મહત્તમ સિદ્ધિઓ છે. યોગ, ભક્તિ મનોનિગ્રહનો યત્ન, એકગ્રતા સાધવાનો પ્રયત્ન, ભલું જીવન-યાપન, ઈન્દ્રિયનિગ્રહ, નકારાત્મક આદતો પર વિજય, ઉમદા સકારાત્મક ટેવોની કેળવણી-આ બધા માટે ખંત, મહેનત અને લગાવ જ જરૂરી છે, તેમાં કોઈ અપવાદ નથી. ખંતથી યત્નશીલ રહેવાની ગૂઢ શક્તિ સામે બધાં જ નમી જાય છે. ખંત સર્વજિત્ બળ છે, દિવ્ય માતાજીની શક્તિ આપણામાં છે. તેનો સીધો ઉપયોગ અહીં કરતા હોઈ તે સર્વજિત્ બળ બની રહે છે.તે શક્તિ સામે કશું પણ ટક્કર ન ઝીલી શકે. જો નિયમિત રીતે આપણે ખંતથી લાગ્યા રહીએ તો એકેએક પ્રતિકૂળ બાબત તેની આગળ નમી પડે છે. હિંદના ઘણા ગ્રામ્ય વિસ્તારોમાં મશીનો નથી મળતાં તેથી કૂવો ખોદવો હોય તો કોશ-કોદાળી અને તીકમનો ઉપયોગ કરે છે. શરૂઆતમાં તો જમીન પરનું પડ જ ખોદાય છે. કોઈ ઊંડાઈએ જવાતું નથી, પરંતુ જો લોકો ખોદતા જ રહે, ખોદ્યા જ કરે, ખોદ-ખોદ કરે તો તે જગ્યાએ થોડા સમયમાં જ પહોળો, ઊંડો ખાડો તૈયાર થશે. અંતે એમની ખંતભરી મહેનત અને સામર્થ્યને પરિણામે ચાલુ વપરાશનું પાણી લાધે છે. ૧૨, ૧૫, ૨૦, ફૂટ કે તેથી વધુ ઊંડે, પાણી નીકળે છે. આમ, શરૂઆતથી તેમને જોઈતું પાણી મેળવવા માટે સતત પ્રયત્નો કરતા રહ્યા ત્યારે તે મળ્યું, બાકી તેમણે તો કલ્પના જ કરેલી કે પાણી હશે. આમ, એક ધ્યેય સામે રાખી એક જ જગા પર ખંતપૂર્વક કરેલી મહેનતનું પરાકાષ્ઠારૂપ આ ફળ છે.

દરેક માનવ વ્યક્તિ-દરેક જીવાત્મા, જે ચાહે તે પામવા-શારીરિક, માનસિક, નૈતિક અને બૌદ્ધિક શક્તિ ધરાવે છે. ફક્ત જરૂર છે ઉત્સાહની, સંકલનની, ઈચ્છાની. પછી બધું શક્ય બને છે, કારણ તેમને એવું બળ આપ્યું છે કે જે સામાન્ય નથી. તે પરમ બ્રહ્મની શક્તિનો આવિર્ભાવ છે. દુર્ગાસપ્તશતિમાં શ્લોક છેઃ

'યા દેવી સર્વભૂતેષુ બુદ્ધિરૂપેણ સંસ્થિતા,
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમ;'

પરમ દિવ્ય માતા જે મારામાં વસે છે, બુદ્ધિ શક્તિરૂપે રહે છે તેને હું વારંવાર પ્રણમું છું.

'યા દેવી સર્વભૂતેષુ સ્મૃતિરૂપેણ સંસ્થિતા,
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ'

વૈશ્વિક શક્તિ જે મારામાં સ્મૃતિરૂપે વિરાજી રહી છે તે પરમ માતાજીને હું અનેકાનેક પ્રણામ કરું છું.

આમ, વ્યક્તિનાં શારીરિક, માનસિક વગેરે પાસાંઓમાં વૈશ્વિક શક્તિ અસ્તિત્વ ધરાવે છે, તેને આ શ્લોક વર્ણવે છે. આમ, શક્તિ આપણામાં છે. આપણે લોભી ન થઈએ પરંતુ અમુક તીવ્ર તમન્ના રાખી, ચોક્કસ લક્ષ્ય માટે પ્રયત્ન કરીએ, દૃઢ-નિશ્ચયથી બુદ્ધિપૂર્વક અડ્યા રહીએ અને અતિનિયમિતતાથી ખંતપૂર્વક લાગ્યા રહી અતિઈશ્વરદત્ત શક્તિને કામે લગાડીએ ,તો પરિણામ આવે જ. આ ઉપદેશ છે.

આ બાબતમાં આપણને માર્ગદર્શન આપવામાં ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજ ખૂબ જ પ્રેરણાત્મક હતા. તેઓ હંમેશાં કહેતાઃ 'હતોત્સાહ ન થશો. તમારા માટે કશું જ અશક્ય નથી. જો મંડ્યા રહેશો, લાગ્યા રહેશો, ખંત રાખશો તો તમારે માટે સઘળું શક્ય થઈ રહેશે. ઢીલા ન પડશો. છોડી ન દેશો.' આપણાં શાસ્ત્રોમાં ભગીરથ, સાવિત્રી, ધ્રુવ અને એવાં અનેક ઉદાહરણો ભર્યાં પડ્યાં છે. આ બધાં ઉદાહરણો ધ્યેયને સાધ્ય કરવાનો નિર્દેશ કરી રહ્યાં છે.

તમને લાગુ પડતું આ સત્ય છે. તેનો ફાયદો ઉઠાવો. તેના પર વિચાર કરો. એક વાત ચોક્કસપણે જાણી લો કે જો ખંત દાખવશો, તેમાં નિયમિત રહેશો, અંત સુધી આગળ ધપવા ખંતથી મથ્યા રહેવા કૃતનિશ્ચયી થશો તો તમે જે મહત્ત્વાકાંક્ષા સેવશો તે પામવાની શક્તિ તમારામાં છે. ભગવાન તમારા સૌનું કલ્યાણ કરો.

☐ 'સાધનામાં અંતરદૃષ્ટિ'માંથી સાભાર

મનાચે શ્લોક (મનોબોધ)

શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

મહર્ષિ પતંજલિએ તેમનાં યોગસૂત્રોના સાધનપાદમાં આપણે સાધારણ જનજીવનનાં સુખદુઃખ પુણ્ય -અપુણ્યમય જીવન વિષે વ્યવહારિક બુદ્ધિ શું હોઈ શકે તેનો ઉત્તર આપતાં કહ્યું છે,. ''મૈત્રીકરુણામુ-દીતોપેક્ષાણાં સુખદુ:ખપુણ્યાપુણ્યવિષયાણાં ભાવનાતશ્ચિત્તપ્રસાદનમ્ । ''(પાતંજલ યોગસૂત્ર સાધનપાદ ૩૩). અર્થાત્ જે માણસો સુખી છે, સમ્પન્ન છે, સરળ ચિત્ત છે, સહજ છે, નિખાલસ છે, તેમની મૈત્રી રાખવી અને જે માણસ દુઃખી છે, ત્રસ્ત છે, પીડિત છે, મુશ્કેલીમાં છે તેના પ્રત્યે કરુણા દાખવવી; દયાભાવ રાખવો તેને મદદ કરવી. તેના પ્રત્યે સદ્‌ભાવ રાખીને તેમને બને તેટલું આધારભૂત થવું; પરંતુ જે લોકો પુણ્યવાન છે, સમૃદ્ધ છે, જેમનો ડંકો વાગે છે. જેમણે બહુ સંઘર્ષ કરી સ્વકીય જીવનને ઉજાગર કરેલ છે. તેવા લોકોને જોઈને ખુશ થવું મુદિત થવું. આનંદ પામવો. વાહ! તમો બડા બડભાગી છો તેવો આનંદસભર વ્યવહાર રાખવો. જ્યારે જે લોકોનાં પુણ્ય પરવારી ગયાં છે, કારણ કે તે લોકો પોતે તો સુખી છે નહીં, બીજાને સુખી જોઈ શકતા નથી. જે લોકો હંમેશાં નકારાત્મક જીવનશૈલી જ ધરાવતા હોય અરે! સર્પ પણ અકારણે કરડતો નથી. પરંતુ જે લોકોને માત્ર ફુંફાડો મારવાની અને આમતેમ બધી વાતમાં કરડવાની જ ટેવ પડેલી હોય, મહર્ષિ પતંજલિ કહે તેવા માણસો તરફ આપણે ઉદાસી દાખવવી. તેમની ઉપેક્ષા કરવી. તેમના અસ્તિત્વને નગણ્ય કરવું. તે હોય કે ન હોય. તેઓ છે કે નહીં, તેના પ્રત્યે કોઈ રુચિ દાખવવી નહીં.

વચનામૃત; ગઢડા પ્રથમના-૧૦માં શ્રી શ્રીજી મહારાજે સુંદર વાત કરેલી છે. તેઓએ સંવત ૧૮૭૬ની માગશર સુદ તેરસ ના દિવસે દાદા ખાચરના દરબારમાં બિરાજીને દેશ વિદેશના ભક્તોને આ વાત કરેલી:

''અમે વેકંટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા હતા ત્યાં સેવકરામ નામે સાધુ હતો. તે શ્રીમદ્ ભાગવતાદિક પુરાણને ભણ્યો હતો. તે માર્ગમાં ચાલતાં માંદો પડ્યો. તેની પાસે રૂપિયા હજારની સોનામહોર હતી પણ ચાકરી કરનારો કોઈ નહીં માટે રોવા લાગ્યો. પછી તેને અમે કહ્યું કે 'કાંઈ ચિંતા રાખશો મા, તમારી ચાકરી અમે કરીશું'.....અમને તેના ઉપર અતિશય દયા આવી. તે સાધુને લોહીખંડ પેટબેસણું હતું. અમે તેને ધોતા તેની સેવા કરતા. આ સાધુ પોતાના ભોજન માટે સીધો સામગ્રી મગાવતો. અમો રસોઈ બનાવીને તેને જમાડતા, પરંતુ તેણે કદી અમારી ચિંતા કરી નહીં. અમો વસ્તીમાં જઈને જમી આવતા. કોઈ દિવસ ઉપવાસ પણ થતો. પરંતુ તેણે કોઈ દિવસ અમોને કહ્યું નહીં, કે આવો અમારી ભેળા જમો. પછી તો તે સાજો થઈ ગયો. એક શેર ઘી જમી લે તેવો તાજો થયો. પરંતુ તેનો એક મણનો કોથળો અમારી પાસે ઉપડાવતો. અમો તો ભાર નામે એક રૂમાલ પણ રાખતા નહીં, અમે એ સાધુની બહુ ચાકરી કરી પરંતુ તેણે અમને પૈસા ભાર અન્ન પણ આપ્યું નહીં. પછી તેની કૃતઘ્ની જાણીને તેના સંગનો અમે ત્યાગ કર્યો. જે મનુષ્ય કર્યા કૃતને ન જાણે તેને કૃતઘ્ની જાણવો''॥

જ્યારે સંત રામદાસ તો આ જગતમાં આવા કેટલા લોકો હશે, તેનો વળી આ શો હિસાબ રાખવો એમ જાણી કહે છે, ભાઈ! જેનું નામસ્મરણ કે જપ કરવાથી મહાન દોષોમાંથી મુક્ત થવાય. અથવા તો જેનાં નામસ્મરણથી આપણી ગતિ ઊંચી થાય. જેનું નામ જપવાથી આપણાં પુણ્ય વધે બાપ! તેવા પ્રભુ શ્રીરામના નામનું જ આપણે ચિંતન કરવું. બાકી મિથ્યા જગત અને જગતના મિથ્યાત્વથી દૂર-અળગા રહેવું. શ્રી નરસિંહ મહેતા કહે છે, ''આપણે આપણો ધર્મ સંભાળવો'' અને શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજ કહે છે, ભાઈ

(M.Y.O.B.) ''માઈન્ડ યોર ઓન બિઝનેસ'' પૂજ્યશ્રી સ્વામી વિવેકાનંદજીએ કહ્યું.'' એઈ જગત કૂકુરેર દુમ'' આ જગત કૂતરાની પૂંછડી જેવું વાંકું છે- તેને સીધું કરવા પ્રયત્ન કરવો નહીં. તેમાં આપણે આપણી જાતને અભડાવવી નહીં.

જયાચેનિ નામે મહાદોષ જાતી
જયાચેનિ નામે ગતી પાવિજેતી।
જયાચેની નામે ઘડે પુણ્યઠેવા
પ્રભાતે મની રામ ચિંતિત જાવા ॥ ૭૧॥

જપ્યે નામ જે મહાદાષ જાયે,
સ્મર્યે નામ જેનું ગતિ ઉચ્ચ થાયે,
રટ્યે નામ જેનું સદા પુણ્ય વાધે,
પ્રભાતે મને રામને ચિંતવી લે ॥ ૭૧॥

શૌરપુચ્છ નામનો એક વણિક ભગવાન બુદ્ધ પાસે આવેલો. ધન ધાન્ય લાખ સુવર્ણ મુદ્રાઓ લઈને આવેલો. બુદ્ધ કંઈ બોલ્યા વગર ત્યાંથી ચૂપચાપ ચાલ્યા ગયા. થોડા દિવસ પછી ફરીથી દાસદાસીઓ હાથીઘોડા લઈને આવ્યા. બુદ્ધે આંખો બંધ કરી લીધી. તે દિવસોમાં વૈશાલીમાં મહાન ધર્મસમ્મેલન થવાનું હતું. હજારો ભક્તો ભિક્ષુઓ સેવામાં જોડાયા હતા. આ શૌરપુચ્છ પણ સૌ નાનાંમોટાં સાથે સાફસફાઈ અને સેવાના કામમાં લાગી ગયો-બપોર ઢળતાં બુદ્ધ ત્યાં આવ્યા. તેમણે શૌરપુચ્છને વાત્સલ્યથી પૂછ્યું, તમોએ પ્રસાદ લીધો કે નહીં.'' શૌરપુચ્છ ગળગળો થઈ ગયો. બુદ્ધે કહ્યું. 'ઈશ્વર ધનનો ભૂખ્યો નથી. તમારી નિષ્ઠાનો ભૂખ્યો છે. આપણે વિચારવું ઘટે, આપણી રામમાં નિષ્ઠા છે? પુનિત મહારાજ કહે છે એક ડગ ભરતાં, દશ ડગ આવે મારો શામળિયો સરકાર. ૐ શાંતિ. (ક્રમશઃ)

(સંપાદકીય અનુસંધાન પાના નં. ૫ ઉપરથી ચાલુ)

(વિવેક ચૂડામણિ : ૭૫) બંધાયેલા છે તેને કારણે જ તેઓ શાંતિ પામતા નથી. દુર્ભાગ્યે તેઓ પોતાના પૂર્વજન્મના અસત્ સંસ્કારોને કારણે જ આવા દુષ્કર જીવનના ભોગી થતા હોય છે.

તો પછી આવી અવાંચ્છનીય દંભી અને આત્મશ્લાઘાસભર વૃત્તિમાંથી મુક્તિ માટે કોઈ કારણ, કોઈ ઉપાય ખરો. ચોક્કસ જ્યાં સુધી માણસ પોતે એવું ન સમજે કે ''હું ખોટો છું'' મારે મારો સ્વભાવ બદલવો જોઈએ'' ત્યાં સુધી કોઈ તેનું કલ્યાણ કરી શકે નહીં. કારણ સ્વાર્થનાં પડળો વચ્ચે બંધાયેલી તેની પ્રવૃત્તિ પરમાર્થ કદીયે કરી શકે જ નહીં ત્યાં સેવાના નામમાં પોતાની વ્યક્તિગત 'એષણાઓ' ''પુત્રૈષણા, વિત્તૈષણા, નામ કે કીર્તિની એષણાની જાળમાં તે વ્યક્તિ જકડાયેલી રહે છે.

આવશ્યક છે; આત્મમંથન કરવાનું, ડાહ્યો હું જ નથી; જગતમાં મારાથી બીજા બધા બહુ ડાહ્યાઓ, શાણાઓ, વિવેકી પુરુષો છે. પોતાની જાતને મોકળી રાખી. મન ખુલ્લું મુકીને પોતાના દુઃખસ્વભાવનો એકરાર કરવાનું અને ખરેખર તમો તમારા વ્યક્તિગત જીવનને કે જે પોકળ છે, ખોખલું છે ઊધઈ લાગેલી છે, તેને ખંખેરી, ઝાટકી, અંદર બહારની સાફસૂફી, આંતરમૌન પ્રભુ પ્રાર્થના, પ્રામાણિક પ્રયત્નો અને પ્રભુસ્મરણ અને અંતે ગુરુચરણની શરણાગતિ થાય તો બધું પાર પડે.

જગતમાં કશુંયે અસંભવ નથી, પરંતુ કપડાંને રંગવું હોય તો તેને ગરમ પાણીમાં ઉકાળીને પહેલાં ચોખ્ખું તો કરવું જ પડે જ્યાં સુધી જૂનો 'મેલ' જાય નહીં, ત્યાં સુધી નવો રંગ પકડાય નહીં. તમો કે હું, આપણે સૌ ઈશ્વરનાં જ સંતાનો છીએ, ઈશ્વર કરુણાનિધાન છે, દયાનો સાગર છે. ક્ષમાનું મૂર્તસ્વરૂપ છે. તેનાથી વધુ પવિત્ર બીજું કશું જ ન હોઈ શકે, માટે પ્રભુપરાયણ બનીએ અને જીવન ધન્ય કરીએ, ૐ શાંતિ. - **સંપાદક**

ભક્તિ સરિતાના અનેક ઘાટ -૨

શ્રી સ્વામી ગોવિંદદેવગિરિજી

(૪) સ્મરણાસક્તિ : તેના પછી આવે છે સ્મરણાસક્તિ. હું ગમે ત્યાં બેસું મને ભગવાનનું સ્મરણ થાય છે. ગમે ત્યાં હોય પ્રહ્‌લાદજી ગમે ત્યાં બેસતા પણ ભગવાનને ભૂલી શકતા ન હતા. કદી કદી બેઠા બેઠા રોવા લાગતા હતા. 'અરે! શ્યામ સુંદર મને આલિંગન આપે છે.' એવું લાગતાં જ બસ આંખો ભરાઈ આવતી અને માત્ર સ્મરણ રહેતું. તે હતી સ્મરણાસક્તિ અને થોડા સમય માટે ભગવાનનું વિસ્મરણ થઈ જાય તો વ્યાકુળતાનો અનુભવ થઈ જાય. 'તદર્પિતાખિલાચાપિતા 'તદ્‌વિસ્મરણે પરમ વ્યાકુલતેતિ' ભગવાનના સ્મરણમાં આસક્તિ અને પછી ભગવાનની સેવા કરવામાં દાસની આસક્તિ.

(૫) દાસ્યાસક્તિ :

સદા દેવકાજી લિજે દેહ જમા રહા ।
સદા રામનામે વદે નિત્ય વાચા ॥
સ્વધર્મેથી ચાલે સદા ઉત્તમાચા ।
જગી ધન્ય તો દાસ સર્વેત્તિમાયા ॥

સમર્થ રામદાસ સ્વામીના 'મનાચે શ્લોક'નો બસો શ્લોકમાંનો આ એક શ્લોક છે. હું કદી કદી કહું છું કે આપ વેદ ન વાંચો ઉપનિષદ ન વાંચો, પણ 'મનાચે શ્લોક'ના આ શ્લોક વાંચતાં જ મારું મન તેના પર સ્થિર થઈ ગયું. તેમાં બધા વેદ, શાસ્ત્ર, પુરાણોનો સાર આવી જાય છે. 'સદા દેવકાજી લિજે દેહ જયાચા' માં રામદાસ સ્વામી કહે છે કે તે ભગવાનની સેવામાં પોતાનું શરીર ઘસી નાખે છે કે નહિ, તેની સેવામાં તે અર્પિત થાય છે કે નહિ? આમ તો આપણા બધાંનાં શરીર રોજ ધીમે ધીમે જીર્ણ થઈ નષ્ટ થાય જ છે. કોઈનું સાંસારિક કાર્ય કરતાં કરતાં નષ્ટ થાય છે. કોઈનું પ્રભુ સેવામાં, પણ આ ઘસી નાખવું જીર્ણ થવું, ધીમે ધીમે નષ્ટ થવાનું મૂલ્ય એક સરખું નથી. મારીચનું મરણ થયું. રાવણનું મરણ થયું, જટાયુનું મરણ થયું, બધાનું મરણ એકસરખું નથી. આમ જેની સદા કામના રહે કે હું સદા ભગવાનની સેવાનું કોઈ ને કોઈ કાર્ય નિરંતર કરતો રહું; પ્રભુ સેવાની ફક્ત ઈચ્છા જ નહિ, પરંતુ તેના વગર રહી જ ન શકાય તેવી સ્થિતિ છે. દાસ્યાસક્તિ. જ્ઞાનેશ્વર મહારાજે 'ગુરુદાસ્ય'ના રૂપમાં લખ્યું છે કે, 'મારું સમસ્ત જીવન તે સેવામાં લાગી જાય, કોઈ કામ પડતાં જે તેમને (ગુરુને) સૌથી પહેલાં મારી યાદ આવે.' જો વ્યક્તિ સેવા કરવા માટે સદા તત્પર હોય તો જ આ શક્ય બને.

(૬) સખ્યાસક્તિ : હનુમાનજી મહારાજે રામજીની સેવામાં શું નથી કર્યું ? જ્યારે જીવ દાસ્યાસક્તિ છે ત્યારે ભગવાન એટલા ઉદાર છે કે તેઓ જીવને સખાના રૂપમાં અપનાવી લે છે. તે છે સખ્યાસક્તિ. આ સખ્ય-ભાઈબંધીમાં આપ જાણો છો કે અર્જુન, ઉદ્ધવ, સુદામા, સુગ્રીવ વગેરે ભગવાનના બધા સખા છે અને ગોકુળમાં ભગવાન શ્રીકૃષ્ણની સાથે ખેલનારા પણ બધા સખા છે. તે સખાઓમાં પણ બે પ્રકાર છે. એક એવા છે, જેઓ સ્વયં સેવા માટે ભગવાનની સમક્ષ આવી મળે છે, પરંતુ ભગવાન જેમને પોતાના તરફથી 'સખા' કહી બોલાવે છે, પોતાની પાસે મિત્રતારૂપે રાખે છે. સુગ્રીવે એવું કહ્યું નથી કે 'હું તમારો મિત્ર છું', પણ ભગવાન કહે છે કે 'તમે મારા મિત્ર છો.' સુગ્રીવ કહે છે, 'હું આપનો દાસ છું'. ભગવાન કહે છે કે તમે મારા સખા છો. ઉદ્ધવજી એ એવું કહ્યું નથી કે ભગવાન પોતાના સખા છે, પણ ભગવાન કહે છે કે ઉદ્ધવ તેમના સખા છે, પણ આ 'તનસુખા-મનસુખા સંબંધ' છે. તેઓ તો કહે છે કે કનૈયો અમારો દોસ્ત છે. ઉદ્ધવજીમાં બધું સારું છે પણ વધારે પડતું ભણતર હોવાથી આ ગરબડ થઈ ગઈ. ઘણી વખત એવું બને છે કે વધુ પડતા જ્ઞાનને લીધે મનુષ્યનું ભોળપણ નષ્ટ થઈ જાય છે અને સંસારમાં ભોળપણ ન હોવું તે જરૂરી છે

પણ તેના વગર 'ભક્તિયોગ' તે પાપ છે.

સખ્યભાવમાં જ્ઞાનનો બોજ હોતો નથી

મને ઘણી વાર એમ લાગે છે કે ઠાકુર રામકૃષ્ણદેવે જે સાધનોનો ઉપયોગ કર્યો તેમાં સૌથી વધુ કામનું અને અચૂક સાધન હોય તો તે હતું તેમનું અભણપણું. તે ભાગ્યશાળી હતા કે તેમને ભણવાની કોઈ તક જ મળી ન હતી. હું ઘણીવાર વિચારું છું : 'હું શા માટે ભણ્યો? ન ભણ્યો હોત તો સારું હતું.' ગોકુળમાં કૃષ્ણના જે મિત્રો હતા તેમને તેઓ ફક્ત મિત્ર કહેતા ન હતા પણ તેમને તનસુખા કહેતા હતા. ''કનૈયા, તું આ રમતમાં હારી ગયો છે. થોભો, મને તું ઘોડો બની પીઠ પર ઉપાડી દાવ પૂરો કર.'' અને ભગવાન ઘોડો બને છે. આ સખ્યાસક્તિ છે. સખાભાવમાં બહુ વિશિષ્ટ આનંદ છે.

(૭) કાંતાસક્તિ : દેવર્ષિ નારદજી મહારાજ કહે છે કે ભગવાન મારા પ્રિયતમ છે, હું તેમની પ્રિયા છું. આ કાંતાસક્તિ છે. સંસારના બધા જ જીવ સ્ત્રીરૂપ છે. પરમપુરુષ તો કેવળ એક પરમાત્મા જ છે. એવો કયો જીવ છે, જે પ્રભુના આધાર વગર રહી શકે? વૃત્તિઓ બે પ્રકારની માની ગઈ છે. એક વૃક્ષ વૃત્તિ અને બીજી લતા વૃત્તિ. વૃક્ષ સ્વયં પોતાના આધાર પર વધે છે; પણ લતા તે વૃક્ષનો આધાર લઈને ઉપર ચઢે છે. દરેક જીવ લતા વૃત્તિ ધરાવે છે. અને પરમાત્મા એક માત્ર વૃક્ષવૃત્તિવાળા છે. એટલા માટે જીવને પ્રભુની યાદ આવી રહી છે. તે પ્રભુને પોતાના પ્રિયતમ માની રહ્યો છે. ભગવતી મીરાંબાઈને બાલ્યકાળથી ફક્ત એક જ ભાવ રહેતો હતો ''માઈ રી મેં સપના મેં પરણ્યા ગોપાલ''. મા, મારો વિવાહ તો થઈ ગયો. સ્વપ્નમાં જ થઈ ગયો અને સ્વપ્નના તે વિવાહને મીરાએ સાચા વિવાહ કરતાં પણ ઘણી ઉત્તમ રીતે નભાવ્યો. હું કાન્તા (પત્ની) છું અને તે મારા પતિ છે. આ છે કાંતાસક્તિ. ચૈતન્ય મહાપ્રભુએ આ વાતને ખૂબ મહત્ત્વ આપ્યું. ગુલાબરાવ મહારાજની કાંતાસક્તિ છે. મારા પતિ તો પ્રભુ છે, આની આસક્તિ ખૂબ ઉત્કટ છે. જે ઉત્કટતા અને પૂર્ણ સમર્પણ આ આસક્તિમાં છે તે અન્યત્ર દુર્લભ છે. જ્ઞાનેશ્વર મહારાજે કહ્યું: શિષ્ય ગુરુની યાદ કેવી રીતે કરે છે? 'વિરહિણી કા જૈસે વલ્લભાતે'-જેમ વિરહિણી પોતાના વલ્લભ (પતિ)નું ચિંતન કરે છે. શિષ્ય ગુરુને, ભક્ત ભગવાનને તે પ્રકારે ઉત્કટતાથી યાદ કરે છે.

(૮) વાત્સલ્યાસક્તિ : નારદજી મહારાજ ફરીથી કહે છે: 'ભગવાન અમારા નાના લાલા છે. આ વાત્સલ્ય ભાવ છે. માતાપિતાને પોતાના બાળક માટે કેટલું આકર્ષણ હોય છે. હું એક પતિ-પત્નીને ઓળખું છું - એક નહિ કેટલાંક, જે એકબીજા સાથે અણબનાવ હોવા છતાં જુદાં થઈ શકતાં નથી, કારણ કે તેમને એક બાળક છે. બન્નેને ખૂબ પ્રિય છે. તે બાળકે બન્નેને બાંધી રાખ્યાં છે અને આ કૃષ્ણ નામનું જે બાળક છે તેણે સમસ્ત સંસારને બાંધી રાખ્યો છે. તે છે વાત્સલ્ય આસક્તિ. માતાપિતા જે કંઈ ઘર વિષે વિચારે છે તેમાં બાળક વિશે પહેલાં વિચારે છે અને પછી પોતાની બાકીની ગોઠવણ કરે છે. આપણા ઘરની ગોઠવણ પણ એવી થઈ જાય જેમાં બાલકૃષ્ણલાલનો વિચાર પહેલો, પછી પોતાનો. આ પ્રકારની ભક્તિમાં વિચિત્રતા એ છે કે નાના બાળકને આપવાનું હોય છે, તેની પાસેથી માગવાનું શું હોય? આમ, ભક્તિનો આ એક અત્યંત ઉચ્ચ પ્રકાર છે. જે નિષ્કામતા આપમેળે જીવનમાં લાવે છે. માણસ દુઃખથી રોવે પણ છે, છતાં બાળકના આવતાં જ આંસુ લૂછી નાખે છે. બાળકની સામે પોતાનું દુઃખ વ્યક્ત કરતો નથી. સંસારમાં આવનારી આપત્તિઓને પોતે પોતાની રીતે સહન કરું અને તેનું નિવારણ કરું પણ કૃષ્ણ લાલાજી પાસે એવું ન માગું કે ઠાકુર, તે વિપત્તિઓને નો આપ દૂર કરજો. કેવળ વાત્સલ્ય ભાવથી પણ નિષ્કામતા આવી જાય છે.

(૯) લાલનાસક્તિ : દેવર્ષિ નારદજી દ્વારા નહિ કહેલી પણ મને જે યોગ્ય લાગી છે એક એક વધુ આસક્તિ શ્રી ગુલાબરાવ મહારાજે કહી છે. તે છે લાલનાસક્તિ. તેમાં ભક્ત ભગવાનને પોતાનાં માતાપિતા અને પોતાને તેમનો પુત્ર માને છે. તે લાલન

ભાવ છે. આ સૌથી વધુ સુરક્ષિત ભાવ છે, કારણ કે તેમાં આપણે કંઈ કરવું પડતું નથી. જે કરવાનું છે તે માને કરવાનું છે, પિતાજીને કરવાનું છે અર્થાત્ ભગવાનને કરવાનું છે, ઠાકુર રામકૃષ્ણદેવે શું કર્યું - કંઈ જ નહિ. ક્યાં ગયા, શું ભણ્યા? કંઈ પણ ન કરવા છતાં તેમણે ખૂબ કઠણ સાધના કરી કે જે ક્ષણે તેમણે જગદંબાનો માના રૂપમાં સ્વીકાર કર્યો તે ક્ષણથી આજીવન પોતાનો સંબંધ બીજા કોઈની સાથે ન જોડ્યો. ઠાકુર એક વાર જગદંબાના થયા તો સદા તેમના જ થઈને રહ્યા. બાળક જ્યારે એટલો અનન્ય બને છે કે માને તેની ચિંતા રાખવી પડે છે.બાળક જ્યારે પોતાના પગ પર ઊભું થાય છે, મોટું થઈ જાય છે અને પોતાનું કામ જાતે કરવા માંડે છે પછી મા તેનું એટલું ધ્યાન રાખતી નથી. મોટા થવામાં જ ગરબડ છે. નાના બાળક બનીને રહો. 'અજાતપક્ષા ઈવ માતરં ખગા' શ્રીમદ્ ભાગવતમાં વૃતાસુરે કહ્યું, '' હે પ્રભુ, હું તમને અજાતપંખ (પાંખ વગરના) બાળકની માફક યાદ કરું છું. તે પક્ષીનું બચ્ચું છે તેને પાંખ ફૂટી નથી. વૃત્રાસુરના કહેવામાં એક વાત રહી ગઈ, જે જ્ઞાનેશ્વર મહારાજે પૂરી કરી દીધી. વૃત્રાસુરે ફક્ત 'અજાતપક્ષ' કહ્યું, પરંતુ જ્ઞાનેશ્વર મહારાજ કહે છે. 'ચક્ષુ પક્ષ હીન' પાંખો પણ નહિ અને આંખો પણ ઉઘડેલી નહિ. આંખો જ્ઞાનનું પ્રતીક છે અને પાંખો પુરુષાર્થનું. મારી પાસે કોઈ જ્ઞાન નથી, પુરુષાર્થ નથી. હું પ્રભુ, હું તો આપનાં ચરણોમાં પડેલા જ્ઞાનવિહીન પુરુષાર્થવિહીન બાળક છું. ન કંઈ જાણુ છું કે ન કંઈ કરી શકું છું. કલ્પના કરો કે આંખો ઊઘડી નથી અને પાંખો ફૂટી નથી એવા નાના પંખીની મા દાણા વીણવા માટે ક્યાંક ચાલી ગઈ હોય અને જલદી ન આવી હોય તો તે બચ્ચાની શું દશા થાય? જોઈ શકતું નથી, ઊડી શકતું નથી. પણ એક કામ કરી શકે છે. ચીં..ચીં...ચીં...ચીં... કર્યા કરે છે. તે જ પ્રમાણે જો જીવ મા... મા....મા....મા કરતો રહે તો પરમાત્માને આપમેળે માતા સ્વરૂપમાં આવી તેને સંભાળવો પડે છે. આ લાલન ભાવ છે.

(૧૧) આત્મનિવેદનાસક્તિ : દેવર્ષિ નારદ આગળ કહે છેઃ ' હે પ્રભુ, મારું સર્વસ્વ આપનાં ચરણોમાં સમર્પિત છે. બધું જ આપનું જ છે. આત્મનિવેદન અને તેમાં આસક્તિ. આસક્તિ કેટલી? જ્ઞાનેશ્વર મહારાજે વર્ણન કર્યું છે - 'જીવનકાળમાં તો હું સેવા કરતો જ રહું (તેમણે સદ્ગુરુને ઉદ્દેશીને આ વર્ણન કર્યું છે.) તેમના ભોજનની વ્યવસ્થાનું કામ કરું, તેમના શયનની વ્યવસ્થા કરું. તેમને જે જે સેવાઓ જોઈએ તે હું અગાઉથી કરી દઉં'. અહીં સુધી તો વાત ઠીક છે પણ પછી તેમણે કહ્યું કે શરીર દ્વારા આ પ્રકારની સેવા કર્યા પછી મારા જીવનની સમાપ્તિ થશે. તે સમયે મારી આંખોનું તેજ જે જ્યોતિમાં જઈને મળી જશે જે મારા ગુરુદેવને પ્રકાશ આપે છે. મારા દેહનું જળ તે જળમાં જઈને મળી જશે, જેમાં મારા ગુરુદેવ પદપ્રક્ષાલન કરે છે. આ શરીરની માટી જ્યાં મારા ગુરુદેવશ્રી ચરણ રાખીને ઊભા રહે છે ત્યાં જઈને મળી જાય. તે પૂર્ણ આત્મનિવેદન થઈ ગયું અને આ પ્રકારની ભાવના નિરંતર અંતઃકરણમાં ઊઠતી રહે તે 'આત્મનિવેદનાસક્તિ' છે.

(૧૨) પરમવિરહાસક્તિ

પરમવિરહ - સંયોગમાં પ્રેમ પણ વિરહમાં.. ઉત્કટ પ્રેમ. શ્રી ચૈતન્ય મહાપ્રભુને એક વાર પૂછવામાં આવ્યુંઃ આપ ભગવાનનો સંયોગ ચાહો છો કે વિયોગ? મહાપ્રભુજીએ કહ્યું, તે તો ભગવાન જાણે. તેઓ જે કંઈ મને આપશે તે હું લઈ લઈશ, પણ મારી પાસે જો વિકલ્પ હોય તો મને ભગવાનનો વિરહ જોઈએ. ભગવાન વિરહમાં એક ભગવાનને છોડીને બીજી કોઈ વાતનું સ્મરણ જ થતું નથી. નવપરિણીત સ્ત્રી એકલી હોય તો પણ પોતાના પતિના ચિંતનમાં હોય છે. તે સાસરામાં હોય તો પતિનું એટલું ચિંતન નથી કરતી જેટલું તે પોતાના પિયર આવીને કરે છે. તેનું મન હંમેશાં તેના પતિમાં લાગેલું રહે છે. સંયોગમાં તો પરમાત્મા પણ એકતરફી જેવા જણાય છે, પરંતુ વિયોગમાં તો તે ચરાચરમાં વ્યાપ્ત જણાય છે. દરેક વસ્તુને જોઈને તેની યાદ આવે છે.

પ્રેમની એ વિચિત્રતા છે કે તે સંયાગમાં પણ વધે છે અને વિયોગમાં પણ.

આ વિવિધ આસક્તિઓના પ્રકાર છે. આસક્તિ એક જ છે, છતાં તેની આભા (Shades) અલગ-અલગ છે. તે પોત-પોતાના સંસ્કારો અનુસાર, પોત-પોતાની ભૂમિકાઓ પ્રમાણે ભિન્ન-ભિન્ન થઈ જાય છે. મૂલસૂત્રમાં નારદજી દ્વારા 'એકાદશધા' એમ કહેવામાં આવ્યું છે. મેં 'દ્વાદશધા' કરીને આપની સમક્ષ મૂક્યા છે. ભક્તિશાસ્ત્રમાં બાર સંખ્યાનું અધિક મહત્ત્વ છે. ભાગવતજીના બાર સ્કંધ છે. વૈષ્ણવો માટે બારસ અધિક શ્રેષ્ઠ માનવામાં આવી છે. વૈષ્ણવો માટે પણ એકાદશી પછીની બારસ મહત્ત્વપૂર્ણ હોય છે. તેને આપણે નિવાસર કહીએ છીએ. મૂળમંત્ર પણ બાર અક્ષરનો છે. ધર્મક્ષેત્રમાંથી આસક્તિના પણ બાર પ્રકાર છે. બાર હોવા છતાં આસક્તિ મૂળમાં સાભાર અનુવાદ એક જ સ્વરૂપની છે. ગંગાજીની ધારાઓની માફક જે પ્રભુની તરફ વધતી જનારી આપણી પ્રેમવૃત્તિની ધારા છે, જેમાં ગંગાજીના તટ પર બેસીને આપણે સ્નાન કરીએ છીએ.

☐ **'ધર્મશ્રી'માંથી સાભાર અનુવાદ**

શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે આયોજાનારા આગામી કાર્યક્રમો

(૧) **તા. ૩જી સપ્ટેમ્બર,** પૂજ્ય ગુરુદેવ શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજનો પાંચમો મહાસમાધિ દિવસ, પાદુકાપૂજન - વિશેષ સત્સંગ, સાંજે ૬.૦૦ થી ૭.૩૦ કલાકે.

(૨) **તા. ૫મી સપ્ટેમ્બર,** શ્રાવણી અમાવાસ્યા, હોમાત્મક રુદ્રયાગ : સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૩૦ કલાકે, ભસ્મ આરતી : સાંજે ૭.૦૦ કલાકે, મહાપ્રસાદ ભંડારો : ૮.૩૦ કલાક સુધી.

(૩) **તા. ૮મી સપ્ટેમ્બર,** પૂજ્ય ગુરુભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજનો ૧૨૬મો પ્રાકટ્યોત્સવ, પાદુકાપૂજન સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે, વાર્ષિક સામાન્ય સભા બપોરે ૧.૦૦ કલાકે.

(૪) **તા. ૨૪મી સપ્ટેમ્બર,** પૂજ્ય ગુરુભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજનો ૯૭મો પ્રાકટ્યોત્સવ, પાદુકાપૂજન સાંજે ૬.૦૦ થી ૭.૩૦ કલાકે.

(૫) **તા. ૨૨ થી ૩૦ સપ્ટેમ્બર,** પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીની નિશ્રામાં ૭૬૬મો યોગાસન, ધ્યાન, પ્રાણાયામ શિબિર, બાપુનગર, અમદાવાદ.

(૬) **તા. ૫-૧૦-૨૦૧૩ થી ૧૪-૧૦-૨૦૧૩** સુધી નવરાત્રી પર્વ ● **તા. ૧૨-૧૦-૨૦૧૩**ના રોજ કુમારિકા પૂજન, અષ્ટમીનો હવન ● **તા. ૧૩-૧૦-૨૦૧૩**ના રોજ શ્રીલક્ષ્મી હવન.

(૭) **તા. ૧૮-૧૧-૨૦૧૩ થી ૨૭-૧૧-૨૦૧૩** સુધી ૭૬૭મો યોગાસન, પ્રાણાયામ, ધ્યાન શિબિર, શિવાનંદ આશ્રમ પ્રાંગણમાં, પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની નિશ્રામાં.

(૮) **તા. ૧૧-૧૨-૨૦૧૩ થી ૩૦-૧૨-૨૦૧૩** સુધી ૩૦મો યોગશિક્ષક આવાસીય - તાલીમ શિબિર. રજિસ્ટ્રેશન માટે સંપર્ક કરો. ફોનઃ ૦૭૯-૨૬૮૬૧૨૩૪

એકાગ્રતા અને ધ્યાન

શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી

ધ્યાનમાં સફળતા માટે ધૈર્યની આવશ્યકતા

ધ્યાનની સાધના માટે ધૈર્યની વિશેષ આવશ્યકતા છે. આ સંદર્ભમાં સ્વામી બ્રહ્માનંદજી કહે છે કે, ''ખૂબ જ ધીરજ જોઈએ. ધીરજ ધરીને સાધના કર્યે જાઓ. જ્યાં સુધી તત્ત્વલાભ ન થાય ત્યાં સુધી ખૂબ મહેનત કરો. શરૂશરૂમાં સાધના વેઠની પેઠે નીરસ લાગે છે, જેમ કે પહેલાં પહેલાં અ, આ વગેરે શીખવું, પરંતુ ધીરજપૂર્વક મંડ્યા રહેવાથી ધીમે ધીમે શાંતિ મળે છે. અમારી પાસેથી દીક્ષા ગ્રહણ કર્યા બાદ જેઓ ફક્ત ફરિયાદ જ કરે છે, અને કહે છેઃ ''મહારાજ કંઈ પણ થતું જણાતું નથી,'' એમની વાત હું બે-ત્રણ વરસ સુધી તો બિલકુલ સાંભળતો જ નથી.ત્યાર પછી તે લોકો જાતે આવીને કહે છેઃ ''હા મહારાજ, હવે કંઈક થઈ રહ્યું છે.'' આ કંઈ ઉતાવળે મળી જાય તેવી વસ્તુ નથી.'' આ અંગે બે ભક્તો અને નારદજીની એક વાર્તા છે. એક વખત નારદજી વૈકુંઠમાં જતા હતા, ત્યારે એક તપસ્વીએ તેમને પૂછ્યુંઃ' ''તમે ભગવાન પાસે જતા લાગો છો,તો એમને પૂછજો કે મને તેમનાં દર્શન ક્યારે થશે? નારદજીએ કહ્યું, ''ભલે પૂછતો આવીશ.'' ત્યાંથી આગળ ચાલતાં બીજો ભક્ત મળ્યો. તેણે પણ કહ્યું : ''નારદજી, તમે જ્યારે ભગવાનને મળો ત્યારે પૂછજો ને કે મને એમનાં દર્શન ક્યારે થશે ?'' ઘણા સમય બાદ નારદજી પૃથ્વીલોકમાં આવ્યા અને પેલા તપસ્વીને મળ્યા અને કહ્યુંઃ ''ભગવાને કહ્યું છે કે ચાર જનમ પછી તને સાક્ષાત્કાર થશે.'' ને તે તપસ્વી નિરાશ થઈને કહેવા લાગ્યો : ''ઓ હો હો ! હજુ ચાર જનમ? આટઆટલી તપશ્ચર્યા કરી તોય ભગવાન ન મળ્યા. ભગવાન કેવા નિષ્ઠુર છે ?'' એમ કહીને માથે હાથ દઈને બેસી પડ્યો. નારદજી ત્યાંથી આગળ ચાલ્યા અને બીજા ભક્તની પાસે પહોંચી ગયા અને કહ્યુંઃ ''ભગવાને કહ્યું કે આ સામે આમલીનું ઝાડ દેખાય છે તેનાં જેટલાં પાંદડાં છે એટલા જન્મો પછી તને ભગવાનનો સાક્ષાત્કાર થશે.'' ''હેં, મને ભગવાન મળશે?'' એમ કહી એ આનંદથી નાચવા લાગ્યો. કેટલા જન્મો એનું એને મહત્ત્વ નહોતું પણ ભગવાન મળશે એ જ મહત્ત્વનું હતું અને એટલો બધો આનંદથી તે નાચતો હતો કે એ જ ક્ષણે એને ભગવાનનો સાક્ષાત્કાર થઈ ગયો. આમ, નિષ્ઠાપૂર્વક, ધૈર્યપૂર્વક ધ્યાનનો અભ્યાસ કરવાથી સફળતા મળે છે. અધીર થવાથી લક્ષ્યપ્રાપ્તિ થતી નથી પણ તે સાથે સાધકની આંતરિક સ્થિતિ અને વ્યાકુળતા પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. જેમ ધ્યાનમાં તીવ્રતા અને વ્યાકુળતા વધારે તેમ ઈશ્વરની નજીક જલદીથી પહોંચી શકાય. આથી સમયાવધિ ધ્યાન માટે એટલી મહત્ત્વની નથી, જેટલી વ્યાકુળતા મહત્ત્વની છે. આ સંદર્ભમાં શ્રીરામકૃષ્ણ દેવ એક ઉદાહરણ આપતા : એક સંન્યાસીને તેમનો શિષ્ય વારંવાર કહ્યા કરતો કે ''મને ભગવાનનાં દર્શન કરાવો.'' આથી એ સંન્યાસી પોતાના તે શિષ્યને નદીકિનારે લઈ ગયા. બંને નદીમાં નહાવા પડ્યા. ગુરુએ શિષ્યનું માથું નદીમાં ડુબાડી રાખ્યું અને થોડીવાર પછી એનું મોઢું ઊંચું કર્યું અને પછી પૂછ્યું : ''પાણીમાં તને કેવું લાગતું હતું ?'' ત્યારે શિષ્યે કહ્યું : ''એમાંથી જલદી બહાર નીકળું એવી તીવ્રતમ ઈચ્છા થતી હતી. અંદર તો શ્વાસ લેવા માટે તરફડતો હતો.'' ત્યારે ગુરુએ કહ્યુંઃ ''પાણીમાંથી બહાર નીકળવા માટે જેવી તાલાવેલી હતી, શ્વાસ લેવા માટે જેવાં તરફડિયાં હતાં, એવું જો ઈશ્વર માટે થાય તો તાત્કાલિક ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ જાય.''

ધ્યાન અને પ્રાર્થના

મનુષ્ય એકાએક ધ્યાનમાં ધસી પડતો નથી, કારણ કે એનું ભટકતું મન તાત્કાલિક એકાગ્ર થતું નથી. આથી જ ધ્યાન પહેલાં પ્રાર્થના કરવી જરૂરી છે. સંસારમાં રહીને પણ ઈશ્વરની પ્રાપ્તિ કરી શકાય. એ માટેનો ઉપાય

બતાવતાં શ્રીરામકૃષ્ણે કહ્યું હતું કે, ''એનો ઉપાય સત્સંગ અને પ્રાર્થના. આતુર થઈને ઈશ્વરને પ્રાર્થના કરો. ઈશ્વર તો આપણો પોતાનો છે. તેને પ્રાર્થના કરવી જોઈએ કે ''તમે કેવા છો, દર્શન આપો, તમારે દર્શન આપવાં જ પડશે. તમે શા માટે મને ઉત્પન્ન કર્યો?'' આમ, તીવ્ર ભાવે પ્રાર્થના કરતાં કરતાં અંતઃકરણ શુદ્ધ થાય છે. શુદ્ધ થયેલા અંતઃકરણમાં ઈશ્વરનું સ્વરૂપ પ્રગટ થાય છે. પ્રાર્થનાથી મનનો બધો મેલ ધોવાઈ જાય છે અને મન શુદ્ધ થાય છે. શ્રીરામકૃષ્ણ મનને ધૂળ ચડેલી લોઢાની સોય સાથે સરખાવે છે. પ્રાર્થના કરવાથી સોય ઉપર ચઢેલી ધૂળ નીકળી જાય એટલે ઈશ્વરરૂપી લોહચુંબક મનને ખેંચી લે છે. આમ, ધ્યાન માટે ચિત્તશુદ્ધિ આવશ્યક છે અને ચિત્તશુદ્ધિ માટે પ્રાર્થના. આથી જ ધ્યાન પહેલાં પ્રાર્થના કરવી ખૂબ જ જરૂરી છે.

ખ્રિસ્તી ધર્મના મહાન સંત બ્રધર લોરેન્સે પ્રાર્થના કરતાં કરતાં સહજ ધ્યાનની ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી હતી. તેઓ પહેલાં તો લશ્કરમાં સૈનિક હતા. લડાઈમાં તેમનો એક પગ કપાઈ ગયો હતો. પછી તેઓ ઈસુના સંઘમાં જોડાયા. આ સંઘમાં છવ્વીસ વરસ સુધી એમણે રસોડામાં જ કામ કર્યું. કામ કરતાં કરતાં ભગવાનને સતત પ્રાર્થના પોતાના શબ્દોમાં કરતા રહ્યાઃ ''હે ભગવાન, તમારા સિવાય આ દુનિયામાં મારું બીજું કોઈ નથી. મને કંઈ ખબર પડતી નથી. તમે મને શીખવાડો. તમે મને માર્ગ બતાવો.'' જ્યારે કંઈ ન સમજાય, કોઈ મુશ્કેલી આવે તો બસ ભગવાનને પૂછતા અને કહેતા અને એમના આશ્ચર્ય વચ્ચે એ મુશ્કેલીનો રસ્તો મળી જતો. જાણે ભગવાન પોતે જ એમને સીધું માર્ગદર્શન આપતા હતા. આ રીતે તેમણે ભગવાન સાથે એકાત્મતા પ્રાપ્ત કરી લીધી, જેને આપણે ધ્યાનની સહજ સ્થિતિ કહી શકીએ. વરસો પછી પોતાના અનુભવની વાત કરતાં બ્રધર લોરેન્સે કહ્યુંઃ ''શરૂઆતમાં જ્યારે સંઘમાં જોડાયો ત્યારે ભગવાનનું સ્મરણ મારા માટે જેટલું મુશ્કેલ હતું તેટલું જ મુશ્કેલ મારા માટે હવે પ્રભુનું વિસ્મરણ બની ગયું છે.'' પ્રાર્થનાની મહત્તા વર્ણવતાં બીજા એક પુસ્તકમાં રશિયન યાત્રિકના અનુભવ વર્ણવાયા છે. મૂળ રશિયન પુસ્તકનું નામ છે, ''ધ વે ઓફ એ પિલગ્રીમ'' અને તેનો ગુજરાતી અનુવાદ 'એકલપંથી' નામે થયેલો છે. અવિરત પ્રાર્થના દ્વારા કેવી ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત થાય છે એનું વર્ણન કરતું આ પુસ્તક છે. પુસ્તકના લેખકનું નામ કોઈ જાણતું નથી. ઓગણીસમી સદીનો એક ગરીબ રશિયન યાત્રાએ નીકળી પડે છે. ખભે નાનકડી બેગ લઈને ભગવાનની શોધમાં નીકળી પડે છે. એની પાસે બેગ સિવાય બીજો કંઈ સામાન નથી. એક હાથે ખોડ છે. ચાલતો ચાલતો એક જગ્યાએ આરામ કરવા બેસે છે. ત્યાં બેગમાંથી બાઈબલનું પુસ્તક કાઢી વાંચે છે. તેમાં એક વાક્ય. આવ્યું- ''અવિરત પ્રાર્થના કરતા રહેજો.'' આ વાક્ય ઉપર એણે બહુ જ વિચાર કર્યો પણ કંઈ સમજાયું નહીં. ખાતાં, પીતાં, સૂતાં એમ દરેક વખતે અટક્યા વગર પ્રાર્થના કેવી રીતે ચાલુ રાખી શકાય એ કેમ બને? દિવસમાં ચાર-પાંચ વખત બેસીને પ્રાર્થના થઈ શકે પણ બધો જ વખત શું એ શક્ય છે? એના મનમાં આવા અનેક પ્રશ્નો ઊઠ્યા. ચર્ચમાં જઈને તેણે પાદરીને પૂછ્યું, પાદરીએ તેને સમજાવ્યું પણ તેને સંતોષ ન થયો. અનેક ચર્ચોમાં તેણે પાદરીઓને પૂછ્યું, પણ ક્યાંયથી તેને સંતોષકારક જવાબ મળ્યો નહીં. આખરે વૃદ્ધ પાદરી કે જેઓ પોતે સાધક હતા તેમણે એને કહ્યુંઃ ''આ વસ્તુ એક દિવસમાં નહીં થાય. તું અહીં રહી જા. અહીંના બગીચામાં માળી તરીકે કામ કર અને આ પ્રાર્થનાનું સતત રટણ કરતો રહે.'' એમ કહીને તે વૃદ્ધ પાદરીએ તેને પ્રાર્થના શીખવાડી. તે પ્રાર્થના હતી - "Lord Jesus have Mercy on me " ''પ્રભુ ઈસુ, મારા પર કૃપા કરો.''

આ પ્રાર્થના સતત કેવી રીતે કરવી તેની પદ્ધતિ બતાવી પાદરીએ કહ્યું, ''મનમાં ને મનમાં આનું સતત રટણ કરવું. મોટેથી બોલવું નહીં. હોઠ પણ ફફડવા ન જોઈએ. મનની અંદર રટણ ચાલતું રહેવું જોઈએ અને તે

સમયે હૃદયમાં પ્રભુ ઈસુનું ધ્યાન પણ રહેવું જોઈએ. કામ કરતાં કરતાં પણ આ વિધિ ચાલુ જ રાખવાની.'' પાદરીએ રસ્તો તો બતાવ્યો પણ તેણે જેવી શરૂઆત કરી કે તેને થયું કે, ''આ તો બહુ જ મુશ્કેલ કામ છે.'' આમાં મન લાગતું ન હતું તોપણ તેણે આ મંત્રનું રટણ ચાલુ જ રાખ્યું. આખો દિવસ તે જપ કરતો હતો પણ માંડ બે હજાર જેટલા જ જપ કરી શકતો હતો, પણ ધીમે મન સ્થિર થતાં પછી તેને જપમાં આનંદ આવવા લાગ્યો. પછી તેણે ખાવાનું ઓછું કરી નાખ્યું. સૂવાનું પણ ઓછું કરી નાખ્યું અને જપનું પ્રમાણ વધારતો જ ગયો. પછી તો એની એવી સ્થિતિ થઈ ગઈ કે આપમેળે જપ થવા લાગ્યા. બહારથી તે ગમે તે કામ કરતો હોય પણ આંતરમનમાં જપ સતત ચાલુ જ રહેતો. જાણે અંદર મશીન ફિટ થઈ ગયું! પછી તેને એવી અનુભૂતિ થવા લાગી કે અંતરમાં જાણે કોઈ બીજું જપ કરી રહ્યું છે. દરેક શ્વાસે એની અંદર આ મંત્ર રટાવા લાગ્યો. પછી તો હૃદયના દરેક ધબકારે જપ થવા લાગ્યા અને પછી જપ બંધ કરવા એ એના માટે અશક્ય બની ગયું. ત્યારે તેણે એ વૃદ્ધ પાદરીને કહ્યું, ''હવે મને બાઈબલનું એ વાક્ય બરાબર સમજાઈ ગયું છે કે કોઈ પણ કામ કરતાં કરતાં પણ પ્રાર્થના અટકવી ન જોઈએ.'' આ પ્રાર્થનાના સતત રટણથી તેના ઉપર ઈસુ ખ્રિસ્તની એવી કૃપા થઈ કે તે પરમાત્માનો અનુભવ કરી શક્યા.

ધ્યાન પહેલાં પ્રાર્થના અને નામ-જપ ચિત્તશુદ્ધિ માટે કરવા જરૂરી છે. બેલુરમઠના દ્વિતીય પરમાધ્યક્ષ સ્વામી શિવાનંદજી કહે છે કે મનને શુદ્ધ કરવા માટેનો સરળ ઉપાય એ ઈશ્વરનું નામ છે અને ઈશ્વરનું ધ્યાન છે, પરંતુ ઘણા લોકોનો એવો અનુભવ છે કે ઈશ્વરનું નામ એ પ્રારંભમાં યંત્રવત્ બની જાય છે. ભગવાનના નામનું યંત્રવત્ રટણ કરવામાં આવે તો શું ફાયદો થાય? આના ઉત્તરમાં શ્રીમા શારદાદેવી કહે છે કે, 'ભલે તમે યંત્રવત્ નામ જપો પણ તેથીયે ફળ તો મળે જ છે. મંત્રનો પ્રભાવ તો પડતો જ હોય છે.'' તેઓ કહે છે કે, ''ગંગામાં તમે જાણી જોઈને સ્નાન કરો કે કોઈ તમને ધક્કો મારે અને તમારે સ્નાન કરવું પડે. બંને પરિસ્થિતિમાં ગંગાસ્નાન કર્યાનું પુણ્ય ફળ તો મળે જ છે.'' એકસાથે મંત્રજાપ કરવાથી વધારે લાભ થાય છે, મન એકદમ શાંત બની જાય છે એ એવું શાંત મન સમાધિનો અનુભવ કરી શકે છે.

સ્વામી વિવેકાનંદ કહે છે કે જ્યારે તમે ધ્યાન કરવા જાઓ ત્યારે સુંદર દૃશ્યવાળું સ્થળ કે જ્યાં તમને કોઈ ખલેલ ન પહોંચાડે તેવું પસંદ કરવું. જ્યારે ધ્યાનનો અભ્યાસ કરવા બેસો ત્યારે પ્રથમ પ્રાચીન યોગીઓને, તમારા ગુરુઓને અને પરમાત્માને પ્રણામ કરો અને પછી પ્રારંભ કરો. એ પ્રારંભમાં પછી સમગ્ર વિશ્વના કલ્યાણ માટેની પ્રાર્થના કરો. આ પ્રાર્થના તમે મનમાં બોલો.

''બધા માનવી સુખી થાઓ.
બધા માનવીને શાંતિ મળો
બધા માનવીઓનું કલ્યાણ થાઓ''

આ પ્રમાણે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એમ ચારેય દિશાઓમાં આ ભાવનાપ્રવાહ મોકલો, જેમ જેમ આ ભાવના તમે વધારે કરશો તેમ તેમ તમને પોતાને વધારે ફાયદો થશે. આખરે તમને જણાશે કે આપણને પોતાને તંદુરસ્ત બનાવવાનો સહેલામાં સહેલો રસ્તો બીજાઓ નીરોગી રહે એવી ભાવના સેવવાનો છે અને પોતાની જાતને સુખી કરવાનો સહેલામાં સહેલો રસ્તો બીજાઓ સુખી થાય એ જોવાનો છે. આ પછી જેઓ ઈશ્વરમાં માનતા હોય તેમણે પ્રાર્થના કરવી. આ પ્રાર્થના મેળવવા માટે પ્રાર્થનાઓ કરવી. આ સિવાયની બીજી બધી પ્રાર્થનાઓ સ્વાર્થવાળી છે. આ રીતે નિઃસ્વાર્થભાવે પ્રાર્થના કરવાથી મન વિશાળ બને છે, શુદ્ધ બને છે અને એવું શુદ્ધ મન નિસ્તરંગ બની ઊંડા ધ્યાનમાં લીન થઈ શકે છે.

☐ **'એકાગ્રતા અને ધ્યાન'માંથી સાભાર**

નામસ્મરણ

શ્રી સ્વામી અભિરામદાસ ત્યાગીજી

પરમાત્મા મન, બુદ્ધિ તેમજ વાણી દ્વારા પૂર્ણ રૂપથી વ્યક્ત થઈ શકતા નથી. તેમનું નામ તો નિર્ગુણ-સગુણ નિરાકાર તથા વિસ્તૃત છે. એટલે તે વિષયમાં કંઈ લખવું કે કહેવું તે સૂર્યને દીવો દેખાડવા જેવું છે. આમ, પરમાત્માના નામના વિષયમાં જે કંઈ કહેવામાં આવે તે સૂર્યની સરખામણી આગિયાની સાથે કરવા જેવું છે.

પરમાત્માનું નામ અખંડ અનંત પ્રેમામૃતથી પરિપૂર્ણ છે. તે એવો દિવ્ય રસ છે, જે અનુપમ છે. આપણા બધાની શ્રદ્ધા-નિષ્ઠા વિશ્વાસરૂપી પાત્રતાથી તેનો અનુભવ થાય છે.

જે મહાપુરુષોએ-ભક્તોએ નામસ્મરણ કર્યું છે તેઓ પણ તેના મહિમાને પૂર્ણરૂપથી યથાર્થ વ્યક્ત કરી શકતા નથી. અખંડ આનંદ અવિનાશી નિરંતર પરમાત્માનું નામસ્મરણ કરનાર સદૈવ એકરસ પરમાત્માના ધ્યાનમાં રહેનાર ભૂતભાવન શિવ પણ તેના મહિમાને પૂર્ણરૂપથી કહી શકતા નથી. બીજાની વાત જવા દઈએ ભગવાન રામ પણ નામસ્મરણનો મહિમા કહી શકતા નથી.

પરમાત્મા શ્રીરામનું નામ સંપૂર્ણ જ્ઞાનને પ્રકાશિત કરનાર વેદના પ્રાણ છે. સૂર્ય, ચંદ્ર, અગ્નિ જેવા સમસ્ત બ્રહ્માંડના મૂળ કારણરૂપ છે. **'રામનામઃ પ્રણવો મોક્ષદાયક;'** સૃષ્ટિનું સર્જન કરનાર બ્રહ્મા, પાલન કરનાર વિષ્ણુ, સંહારકર્તા શિવ તેમજ બીજા વ્યવસ્થાપક દેવતાઓમાં જે શક્તિ છે કે શ્રીરામનામથી જ છે. ભગવાન શિવે તે નામના બળથી કાશીમાં મુક્તિ-મોક્ષનું ક્ષેત્ર ખોલી રાખ્યું છે. પ્રેમભક્તિ પણ આ નામથી જ પ્રાપ્ત થાય છે. તે પરમ જાપ્ય-જપ દ્વારા પ્રાપ્ત છે. તે બધા જ મંત્રોમાં શ્રેષ્ઠ અને સુલભ છે. બીજા મંત્રોના જપ કરવામાં અચૂક નિયમનું પાલન કરવું પડે છે. શ્રીરામનામને કોઈ નિયમ વગર પણ જપ કરવાથી બીજા મંત્રો કરતાં વધુ ફળ પ્રાપ્ત થાય છે, પછી કોઈ તેનો સપ્રેમ સાદર સવિધિ કરે તો તેના જેવું બીજું કોણ હોઈ શકે.

નામસ્મરણ સાધનથી ઐહલૌકિક, પારલૌકિક, કેવળ પરમપદ જેવાં બધાં સુલભ થઈ જાય છે. નામમાં મહાપાતકોને મટાડવાની જે શક્તિ છે તે પાપ કરનારાની સમગ્ર શક્તિ કરતાં પણ વધુ છે. નામસ્મરણ દ્વારા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, અંત્યજ, સ્ત્રી, પુરુષ કોઈ પણ આત્મકલ્યાણ કરી પરમાર્થની પ્રાપ્તિ કરી શકે છે. આર્ત, અર્થાર્થી, જિજ્ઞાસુ અને જ્ઞાની બધા પ્રકારનાં ભક્ત પોતાના મનની અભિલાષા નામથી પૂર્ણ કરી શકે છે.

આમ સૂત્ર રૂપે અતિશય સંક્ષિપ્તમાં નામમહિમા આપ્યો. હવે એ પ્રશ્ન રહે છે કે નામસ્મરણ કેવી રીતે કરવું કે જેથી તેનો સાધકોને પૂર્ણ લાભ પ્રાપ્ત થાય.

નામના જાપક માટે નામ જ જીવન તેમજ જીવનનું સર્વસ્વ હોવું જોઈએ. અંતઃકરણમાં પૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ કે નામથી અતિરિક્ત અન્ય કોઈ શ્રેષ્ઠ સાધન નથી.

સૌથી પહેલાં નામાપરાધને સમજીને નામાપરાધથી બચીને નામજપ કરવામાં આવે તે પરમ શ્રેયકર છે.

નામાપરાધ કયા છે?

(૧) સંતોની નિંદા કરવી (૨) પરમાત્માના નામના મહિમાને કથામાં રુચિ ન રાખનાર કુપાત્ર સમક્ષ કહેવો (૩) ભગવાન શિવ અને વિષ્ણુમાં ભેદબુદ્ધિ રાખવી (૪) ગુરુ, શાસ્ત્ર તથા વેદ-વચનોમાં અશ્રદ્ધા રાખવી (૫) નામજપના માહાત્મ્યમાં અર્થવાદ (ધન,

પૈસા વગેરે)ની કલ્પના કરવી (૬) ભગવાનના નામનો આધાર લઈને નિશિદ્ધ કર્મ કરવું (૭) ભગવાનના નામનો આધાર લઈને શાસ્ત્રોક્ત યોગ્ય કર્મનો ત્યાગ કરવો (૮) નામજપને અન્ય સાધનો જેવું જ માનવું.

ઉપરના અપરાધોથી બચીને જપ કરવા જોઈએ. જપમાં પરમાત્માની સાથે સંબંધ પાકો કરી નામથી દૂર કરનાર કુસંગથી બચીને જપ કરવા જોઈએ.

જપની સાથે મન લગાડવાથી જપ ઉત્તરોત્તર વધુ ફળદાયક બને છે. જો મન નામસંકીર્તનમાં તદાકાર થાય તો તેનું અધિક ફળ મળે છે. જો વાચિક, ઉપાંસુ કે માનસિક જપમાં મન વધુ સ્થિર રહે તો તેનું પણ વધુ ફળ મળે છે.

જપ કરવાની સાથે વિશ્વાસ રાખવો જોઈએ કે નામના પ્રભાવથી પરિવર્તન તો થઈ જ રહ્યું છે, પછી ભલે જપ કરનારને તેનો ખ્યાલ ન આવે.

નીચેનાં કારણથી પરિવર્તન સમજમાં આવતું નથી.

(૧) જેમ ભોજનનો દરેક કોળિયો ભૂખ મટાડતો હોવા છતાં ભોજન પૂરું થયા પહેલાં ભૂખ પૂરી થયાનો અનુભવ થતો નથી. તે જ પ્રમાણે દરેક નામજપની સાથે આપણું કલ્યાણ થાય છે. અંતઃકરણનું અજ્ઞાન દૂર થાય છે. આપણા અંતઃકરણમાં છુપાયેલા પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. આપણે પ્રેમરસમાં નિમગ્ન બનીએ છીએ. ભોજનની સાથે ભૂખ દૂર થતાં આપણને તૃપ્તિ-સંતોષ થાય છે. આ ક્રિયાઓ દેખાતી ન હોવા છતાં બને છે. તે જ પ્રકારે નામ જન્મજન્માન્તરના અજ્ઞાન-અંધકારને દૂર કરી જ્ઞાન-પ્રકાશ આપે છે.

(૨) કપડું મેલું હોય તો તેને સાફ કરવામાં વધુ સાબુ અને વધુ સમય લાગે છે તેમ પૂર્વજન્મના સંસ્કારો મલિન સંસ્કારો હોવાથી ફળ આપવામાં સમય લાગે છે.

(૩) નામજપમાં આપણી નિષ્ઠા ઓછી હોય તો વધુ સમય લાગે છે.

(૪) નામજપની સાથે વિહિત (શાસ્ત્રોક્ત) કર્મ, નિયમ, સંયમ ન હોવાથી પણ વધુ સમય લાગે છે.

(૫) નામજપ કરતી વખતે નામીના રૂપ સ્વભાવનું ચિંતન ન હોય તો પણ પરિણામ મોડું આવે છે.

નામજપની સાથે ઘણા ફેરફાર થાય છે. પણ યોગ્યતા ન હોવાથી જોવામાં-સમજવામાં આવતા નથી.

નામજપ કરનાર નામપ્રેમીઓનો સાથ કરે નામ વિરોધીઓથી દૂર રહે. નામમાં શ્રદ્ધા પ્રેમ વધારનાર સત્સંગ સ્વાધ્યાય નિત્ય કરે.

જ્યાં પહેલાં કોઈ સંત ભક્તોએ નામ જપ-સ્મરણ કર્યું હોય તે સ્થળ પર જપ કરે.

નામ જપ માટે એક સ્થાનને પસંદ કર્યા પછી વારંવાર બદલે નહિ.

આહારવિહાર શુદ્ધ સાત્ત્વિક હશે તો વધુ લાભ થશે.

આસન પર બેસી જપ કર્યા પછી પણ ચાલતાં ફરતાં નામસ્મરણ કરતા રહો. જો મન ન લાગે તો મોટેથી બોલી નામ લો. પરમાત્માને પ્રાર્થના કરો.

પરમાત્માના મનોહર સ્વરૂપને સામે રાખીને જપ કરો.

પરમાત્માની મનોહર લીલાઓનું ચિંતન કરી નામજપ કરો.

નામજપથી જ નામ સંબધી દરેક પ્રકારની જાણકારી પ્રગટ થવા માંડે છે.

બધા પૂર્વગ્રહોને છોડીને નામ જપ કરો.

નામ અવશ્ય તમારું કલ્યાણ કરશે.

।। જય શ્રી રામ।।

☐ **'प्रज्ञान निर्झर'માંથી સાભાર ભાષાંતર**

શિવાનંદ કથામૃત

[ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજને આનંદ કુટિર ઋષીકેશમાં મળવા માટે અનેક આગંતુકો, મુલાકાતીઓ અને ભક્તો આવતા. તેઓ ગુરુદેવને વિવિધ વિષયો પર અનેક પ્રકારના પ્રશ્નો પૂછતા. ગુરુદેવ તેનો યોગ્ય જવાબ આપતા. આ પ્રશ્નો તથા તેના જવાબ ગુરુદેવની સાથે રહેતા સંન્યાસી શિષ્યો ચીવટપૂર્વક નોંધી લેતા. આ નોંધ એટલે શિવાનંદ કથામૃત. તેમાં ઘણી વ્યક્તિઓનો ફાળો છે. મુખ્ય ફાળો સ્વામી વ્યંકટેશાનંદનો છે. આ ઉપરાંત સ્વામી શિવાનંદ હૃદયાનંદ, સ્વામી ચૈતન્યાનંદ, સ્વામી સંતાનંદ, સ્વામી ગુરુશરણાનંદ, સ્વામી પરમાનંદ તથા બીજાઓએ સેવા આપી હતી.]

કથાનક - ૧૯

આળસ તરફ અરુચિ

ગુરુદેવ ભજનહોલ પાસેના પહોળા ઓટલા પર કેટલાક મુલાકાતીઓ સાથે વાત કરી રહ્યા હતા. તેમણે જોયું કે એક જિજ્ઞાસુ, સ્વપ્નીલ અને ગહન રીતે ધીમે ધીમે નિરાંતથી આરામપૂર્વક તેના કામ માટે જઈ રહ્યો હતો. આ દૃશ્ય તેમના નેત્રે તરત જ પકડી લીધું.

ગુરુદેવે તેને બોલાવ્યોઃ ''યુવાન, અહીં આવ! તારી શું મુશ્કેલી છે? તને પૂરતું જમવાનું મળતું નથી? શું રસોડામાં કંઈ જ નથી? કે પછી તને જમવાનો સમય મળતો નથી? તારા વાળ હજી ભૂખરા થયા નથી તો પછી અર્ધી ભૂખી વ્યક્તિ જેવું ધીમે ધીમે કેમ ચાલે છે? તારી શક્તિ ક્યાં ગઈ? તારી જુવાની ક્યાં ગઈ? તું કૂદતો-ઊછળતો કેમ ચાલતો નથી? મને તારા જુસ્સાને જોવા દે. ચાલ! આ ભજનહોલની આજુબાજુ દોડતાં એક ચક્કર માર!''

આશ્રમવાસીઓમાંના એક તરફ વળીને ગુરુદેવે ગંભીરતાથી માથું હલાવી કહ્યું ''જુઓ ભાઈ! આ યુવાનને લશ્કરી છાવણીમાં મોકલવો છે. ફક્ત લશ્કરી તાલીમ જ આવા મૂર્છિત યતિઓમાં ઉત્સાહ રેડી શકશે. મને લાગે છે કે માણસ જન્મથી આળસુ હશે. એમ લાગે છે કે ત્યાગનું જીવન ભૌતિક નિશ્ચલતા અને નિષ્ક્રિયતાવાળા જીવન જેવું છે. તેમને આવા વિચારો ક્યાંથી મળે છે તે ફક્ત ઈશ્વર એકલો જ જાણે. તમારે શહેરના ઉદ્યમી માણસ પાસેથી અને યુવાન મેડિકલ વિદ્યાર્થી પાસેથી બોધપાઠ શીખવાનો છે. યુવાન મેડિકલનો વિદ્યાર્થી કેટલો ચપળ, કાર્યક્ષમ અને ઉત્સાહપૂર્ણ હોય છે! તે કેટલી ઝડપથી હૉસ્પિટલમાં તેનું દૈનિક કામ કરતાં કરતાં એક બ્લોકમાંથી બીજા બ્લોકમાં, એક વૉર્ડમાંથી બીજા વૉર્ડમાં, જુદા જુદા વરન્ડા તેમજ પરસાળોમાં ઝડપથી ફરી વળે છે! આપણે તેના ઉદાહરણને કેમ અનુસરી ન શકીએ?''

''સંસારનો ત્યાગ કરનાર તો ખરેખર વધુમાં વધુ ક્રિયાશીલ કાર્યકર હોવો જોઈએ, કારણ કે તે સંસારી જીવનની વિવિધ સંતાપતી પ્રવૃત્તિઓ અને વિક્ષોપોથી પૂરો મુક્ત છે.''

પેલા યુવાન તરફ ફરતાં ગુરુદેવે કહ્યુંઃ ''કાલથી ઉત્સાહી બની જા. મને તું ચાલતો નહિ, દોડતો દેખાવો જોઈએ. તું બધે જ મને મળી રહેવો જોઈએ. આળસ-જડતા-સંતપણું આપી શકે નહિ. જો તેવું હોત તો દરેક ખુરશી, ટેબલ, થાંભલો અને દીવાલ સંતોની શ્રેણીમાં દાખલ થઈ જાત. તમારી જાતને હલાવી નાખો, મારા યુવાન મિત્ર અને સર્વતોમુખી કાર્યકર બની જાઓ!''

''હા, સ્વામીજી, હું કરીશ, હું કરીશ'' એમ ઉતાવળથી બોલી તે ગૂંચવાયેલો યુવાન ઝડપથી ત્યાંથી વિદાય થયો!

બીજા પ્રસંગે ગુરુદેવે નિખાલસપણે મુલાકાતીઓને સંબોધતાં કહ્યુંઃ તમે આ માટે શું કહો છો? હું આમ કહેવામાં સાચો છું? અથવા ઉપદેશ આપવામાં તમને કંટાળો આપું છું? તમને ખરેખર એમ નથી લાગતું કે દરેક જણે સક્રિય અને ઉત્સાહી બનવું જ જોઈએ?''

શીખવા માટે સદા તૈયાર

મેડિકલ વિદ્યાર્થી તરીકે પોતાના દિવસોનો ઉલ્લેખ કરતાં ગુરુદેવે એક વખત કહ્યુંઃ 'વસ્તુઓ અડધી કરવી તે મને ખરેખર આવડતું નથી. હું હંમેશાં દરેક વસ્તુ પૂરેપૂરી અને

યોગ્ય રીતે કરતો. આજના વિદ્યાર્થીઓમાં સામાન્ય થઈ પડેલી છેલ્લી ઘડીએ તૈયારી કરી પરીક્ષા આપવાની પ્રથા હું જાણતો ન હતો. આગળ જણાવ્યા વગર જ્યારે પણ મને કહેવામાં આવે ત્યારે કોઈ પણ વિષયમાં પરીક્ષા આપવા માટે હું તૈયાર રહેતો. આજે પણ પરીક્ષા આપવા માટે તત્પર વિદ્યાર્થી સમાન મારી જાતને સમજું છું. આ પ્રકારની મારી સતત સજ્જતા અને જાગૃતિ હંમેશ માટેનું વિશિષ્ટ લક્ષણ બની ગયાં છે. મને આરામની કદી જરૂર પડતી નથી. હું હંમેશાં સાવધાન અને પ્રવૃત્તિમાં રોકાયેલો હોઉં છું. તમારે બધાએ જીવનને આ રીતે હરરોજના વિદ્યાર્થીની દૃષ્ટિએ જોવા પ્રયત્ન કરવો જોઈએ. હંમેશાં દરરોજ, દર કલાકે કંઈક નવું શીખવા માટે તીવ્રપણે નજર માંડવી જોઈએ. મારા જેવા-બુદ્ધિશાળી સ્કાઉટ-બનો. તમે દરેક વ્યક્તિમાંથી કંઈક શીખી શકશો. આ વિશ્વની દરેક વસ્તુ, જેને ગ્રહણ કરવું છે તેને કંઈક બોધપાઠ આપવાની ક્ષમતા ધરાવે છે. કોઈ પણ અનુભવને હળવી રીતે ન લો. વિશ્વમાં થતા દરેક મહાન બનાવમાંથી બોધ અને પ્રેરણા લો.''

''આમ, કદાચ, અર્ધચેતન મનમાં છુપાયેલો ઉપદેશનો એક શબ્દ વ્યક્તિના જીવનની કોઈ ગંભીર પરિસ્થિતિ અંગે દૈવયોગે નીકળી જાય અને તેને મહાઆપત્તિમાંથી ઉગારી લે અથવા તેના જીવનરાહને બદલી નાખે. દરેકની પાસેથી કંઈક વસ્તુ મેળવી લો એને તમારા મનમાં સાચવી રાખો. નાની નાની વસ્તુઓ તરફની બેદરકારી તે વૈરાગ્ય નથી પણ ઉપેક્ષા કરવાની તામસી ટેવ છે. તમે શું કવર ઉપર પોસ્ટની ટિકિટ લગાવો છો કે પેન્સિલ છોલો છો? બરાબર, તો કોઈ ઝવેરી વીંટી પર હીરો જેટલી એકાગ્રતાથી બેસાડે તેટલી સંભાળથી અથવા આંખોના ડૉક્ટર આંખનું નાજુક ઑપરેશન જેટલી સંભાળથી કરતો હોય તેટલી સંભાળતી તે કામ કરો. તમે જે કરો તે દરેક વસ્તુ-જમવાની, દાંત સાફ કરવાની, વાંચવાની, લખવાની, જોડા સાફ કરવાની-ગમે તે હોય પણ પૂરા મન અને ધ્યાનથી કરો. પછી એકાગ્રતાનો વિકાસ ખૂબ અસરકારક રીતે થશે.''

ગુરુદેવ-પોતાના વિષે

ગુરુદેવે એક વખત પોતાના દૈનિક કાર્યક્રમ અને વ્યાયામ વિષે નિર્દેશ કરતાં કહ્યુંઃ ''જોકે મારા સંન્યસ્તે મારા શારીરિક બંધારણના ચૂરેચૂરા કરી નાખ્યા છે અને મારા પર ભારે પ્રક્રિયા કરી હોવા છતાં મેં મારા શરીરને તે ભીષણ આક્રમણની સામે જાળવી રાખ્યું છે. મારા દૈનિક વ્યાયામની ટેવે મને ટકાવી રાખ્યો છે. આજે પણ એકેય દિવસ પાડ્યા વગર નિયમિતપણે હું કસરત કરું છું. મારા ઉપર કોઈ પણ આઘાતને અસરકારક બનવા દેતો નથી. જોકે કોઈ વખત મને મારું મસ્તક ભારે લાગે કે ચક્કર આવે, પણ મારા પગ પર ઊભો થતાં જ શરીર પર કાબૂ મેળવી લઉં છું, ટેકરી ચઢી જાઉં છું, શીર્ષાસન કરું છું અને ફરી કામ પર લાગી જાઉં છું. કોઈ પ્રવૃત્તિ માટે હું તૈયાર થાઉં કે તરત જ મારામાં શક્તિ ઊછળતી હું અનુભવું છું. ભગવાન જાણે તે ક્યાંથી આવે છે. પછી હું પોતે સ્વયંસ્ફૂર્તિથી જુસ્સાથી પ્રવચન આપવા માંડું છું. હું મારાં ભાષણો પૂરેપૂરી શક્તિ રેડી કરું છું અને જ્યારે થાકી જાઉં ત્યારે ભાષણ બંધ કરું છું. મને વચ્ચે કોઈ અટકાવી શકતું નથી. હું આ કેવી કરી શકું છું તેનું મને આશ્ચર્ય થાય છે. કેટલીક વાર ઊભા રહેવા માટે પણ હું અશક્તિમાન હોઉં છું, પરંતુ હું ઊભો થાઉં કે તરત જ મારામાં પૂર્ણ સામર્થ્ય ધસી આવે છે. ભગવાન જાણે કે આ શક્તિ ક્યાંથી ધસી આવે છે. આ શક્તિ મારી નથી. મને એમ લાગે છે કે હું એક સાધન માત્ર છું, પણ હું જાણું કે હું જે વ્યવસ્થિત વ્યાયામ કરું છું તે મારા શરીર રૂપી સાધનને કાર્યક્ષમ સ્થિતિમાં રાખે છે અને ઉદ્ભવતી શક્તિના ત્વરિત વહન માટે માર્ગરૂપ બને છે.''

બીજી પળે પોતાના શરીરને ઢાંકતા વિશાળ ઓવરકોટનો નિર્દેશ કરતાં ગુરુદેવે સ્મિત કરતાં કહ્યું : ''આ વસ્ત્રોમાં હું ચોક્કસ કોઈ વરણાગિયા ગૃહસ્થ જેવો લાગું! પણ પછી દુનિયા મારા વિષે શું કહેશે તેની હું ચિંતા કરતો નથી. જો તમારે શરીરને સારી રીતે સાચવવું હોય તો આ બધી વસ્તુઓ જરૂરી છે અને તો જ તેના દ્વારા સારાં કાર્ય-પ્રવૃત્તિઓ - થઈ શકે. તમારી પાસે જે કંઈ હોય તે

તમારે સમાજને આપવું જ જોઈએ, નહિતર પછી જીવનનો કોઈ ઉપયોગ રહેતો નથી. આ માટે તમારે શારીરિક અને માનસિક બંન્ને કાર્યક્ષમતાઓ સાબૂત રાખવી જોઈએ. જો હું ઠંડીમાં મારી પીઠ ઉઘાડી રાખું તો મને કટિવાનું દરદ થાય. જો હું કેડના દરદથી રિબાઉં તો હું મારી જાતને કે સમાજને કેવી રીતે ઉપયોગી થઈ શકું. ફાયદો ફક્ત વાની દવાના ઉત્પાદકને જ થાય!''

''તમે જોઈ શકો છો કે કોઈ પણ વસ્તુ હું મારી પાસે પળ માટે પણ રાખી શકતો નથી. હું જે કંઈ નવી વસ્તુ શીખું છું કે ત્યાં એ તરત જ હું માનવતા સમક્ષ જાહેર કરી દઉં છું. હું બીજાને ઉપયોગી થવામાં સમયનો સહેજ પણ વ્યય કરતો નથી એટલે હું સદા ઉતાવળમાં જ હોઉં છું. મારે માટે કોઈ આરામ નથી. જ્યારે મારો નીતિનિયમ-આ ધરતી પરના જીવનની પળેપળ સામાન્ય જનતાના કલ્યાણ માટે વાપરવી-એવો હોય ત્યારે કોઈ પ્રાગૈતિહાસિક સંન્યાસ અને ઈન્દ્રિયદમન રૂપે મને શરીરની સ્વસ્થતાને જોખમમાં મૂકવાનું કેવી રીતે પાલવે?'' તમારે તમારા શરીરને કાર્યક્ષમ રાખવા માટે ફક્ત અંતિમતાઓને ટાળવી જોઈએ અને સાથેસાથે મોજશોખ અને અસંયમથી પૂરેપૂરા દૂર રહેવું જોઈએ.

સચ્ચાઈ અને સમર્પણ

એક સવારે ઓફિસમાં આવતી વખતે ગુરુદેવે ત્યાં કામ કરતા શિષ્યોની આળસ અને ઉદાસીનતા જોઈ. સ્વામી મૌનાનંદજી તરફ ફરી તેમણે કહેવાનું શરૂ કર્યું: ''મૌનાનંદજી, તમને ખબર છે કે યુરોપિયનો કેટલા શક્તિશાળી હોય છે? તેમનામાં ફરજની ભવ્ય ભાવના અને લક્ષ્ય પ્રત્યેની સચ્ચાઈ કેટલાં ઉત્કટ હોય છે! તેમના મુઠ્ઠીભર માણસોએ ઘણા દેશો જીત્યા છે, વિશાળ પ્રદેશો શોધી કાઢ્યા છે, જ્યાં જ્યાં તેઓ ગયા ત્યાં તેમનાં થાણાં સ્થાપતા ગયા છે અને દુર્જય શાસકો પુરવાર થયા છે. તેઓ શિસ્તને કેટલું બધું મહત્ત્વ આપે છે! તેમનાં સંકલન અને હાજર-બુદ્ધિ કેટલાં કાર્યક્ષમ અને વિલક્ષણ હોય છે! તેઓ કેટલા શક્તિશાળી છે!''

''તો પછી વિચારો કે આધ્યાત્મિક સાધકો કેટલા વધુ પ્રબળ હોવા જોઈએ. તેમણે તો તેમની જાતને ઉચ્ચતમ લક્ષ્ય-આત્મસાક્ષાત્કાર-પ્રાપ્ત કરવા માટે પોતાની જાતને સમર્પિત કરી છે! તેમના ખભા પર કેવડી ભારે જવાબદારી લદાયેલી છે? હું ઈચ્છું કે અહીંના બધા જ કાર્યકરોમાં હાજર-બુદ્ધિ, સમર્પણ, ખંત, પ્રેરણાશક્તિ અને કર્તવ્યભાવનાના સદ્‌ગુણો હોવા જોઈએ. ફક્ત તો જ તે કાર્યદક્ષ બની મિશન માટે ફરજ બજાવી શકે.''

સાધકમાં ધિક્કાર, ચીડિયાપણું, ખિન્નતા જેવા દુર્ગુણો ન હોવા જોઈએ. તમે બધા સદા તાજા, સેવા માટે હંમેશાં તૈયાર, મુલાકાતીઓ આવે ત્યારે તેમનું સ્વાગત તથા સુવિધાઓનું ધ્યાન રાખવા તૈયાર હોવા જોઈએ. તમે હંમેશાં ઉત્સાહ, આનંદ અને ખુશાલીથી ચમકતા હોવા જોઈએ. તમારે તમારા કાર્ય માટે કેટલા બધા કાર્યદક્ષ અને તત્પર રહેવું જોઈએ! હમણાં જ મેં સ્વામી અને તેમને કાલે બપોર પછી આપેલા પત્ર માટે પૂછ્યું. તે પત્ર મળી શક્યો નહિ. રાત્રે ક્યાંક અદૃશ્ય થઈ ગયો! આધ્યાત્મિક સાધકો પોતાને સોંપેલાં કામ કરવામાં કાર્યદક્ષ અને આતુર હોવા જોઈએ. મેં અહીં તમારા બધા માટે વિકાસ પામવા માટેનું કાર્યક્ષેત્ર ઊભું કર્યું છે. માણસ કાર્ય દ્વારા જ ઊંચે પ્રગતિ કરી શકે છે અને વધુમાં વધુ જલદીથી શક્ય વિકાસ પામી શકે છે. જ્યાં સુધી કોઈ પણ કામમાં સચ્ચાઈ નહિ હોય ત્યાં સુધી સિદ્ધિની કોઈ શક્યતા નથી.

ગુરુદેવે આજુબાજુ જોયું તો જોયું કે હવે તેમની આજુબાજુ ઘણા આશ્રમવાસીઓ ભેગા થઈ ગયા હતા અને તેમની વાત ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા. તેમણે કહ્યું: અને તેથી હું ઈચ્છું છું કે તમારામાંનો દરેક ઊંડા હૃદયથી દિવ્ય કાર્ય માટે મથી રહ્યો છે એવી લાગણી ધરાવે અને સદાને માટે હંમેશાં નેકી અને કર્તવ્યનિષ્ઠાનું મૂર્તસ્વરૂપ બની રહેવો જોઈએ.''

❑ 'શિવાનંદ કથામૃત'માંથી સાભાર

અમૃતપુત્ર-૨૦

- શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડે

['અમૃતપુત્ર'ના અંશો પૂજ્યશ્રી ગુરુદેવ શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ સમક્ષ લોનાવલા-ખંડાલા અને દહેરાદૂનમાં વાંચવામાં આવેલા. મૂળ મરાઠી લેખન અને પછી હિન્દી ભાષાંતર શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડેએ કર્યું છે. તેમની અનુમતિથી આ ગુજરાતી ભાષાંતર દિ.જી.ના ગુરુભક્ત સાધકોની સેવાર્થે પ્રસ્તુત કરવાનો આનંદ છે. -સંપાદક]

સ્વામી શિવાનંદજીના સમયમાં દિવ્ય જીવન સંઘની સ્થાપના અને દેશ-વિદેશમાં તેનો પ્રચાર-પ્રસાર થયો, પરંતુ શ્રી ગુરુદેવે તો એક જ વાર સમગ્ર ભારત અને શ્રીલંકાની યાત્રા કરી હતી. તેઓ તો આશ્રમમાં જ સદા રહ્યા અને આશ્રમ સંચાલન, પોતાનું અકલ્પનીય લેખનકાર્ય દ્વારા વિશ્વવ્યાપી દિવ્ય જીવન સામ્રાજ્યના પાયાનાં મંડાણ થઈ રહ્યાં હતાં, પરંતુ સ્વામી ચિદાનંદજી અધ્યક્ષપદે બિરાજ્યા ત્યારે આશ્રમનું કાર્ય સુસ્થિરપણે ચાલતું જ હતું. પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી કૃષ્ણાનંદજીના રૂપમાં, તેમના ગુરુભાઈ આશ્રમ વ્યવસ્થાનું કાર્ય ખૂબ જ પ્રામાણિકતાથી અને પૂરેપૂરી જવાબદારી નિભાવીને અત્યંત અનુશાસન તથા કઠોર નિયમોનું પાલન કરીને કરી રહ્યા હતા પરંતુ સદ્‌ગુરુદેવનું તત્ત્વજ્ઞાન હતું તેનાથી પણ વધુ સરળ બનાવીને સમગ્ર વિશ્વમાં તેની લહાણ કરવાનું ખૂબ જ મહત્ત્વનું કામ હજુ બાકી હતું. લોકોને એક એવા આદર્શની આવશ્યકતા હતી કે સ્વામીજીના રૂપમાં જ હવે શિવાનંદજી જીવી રહ્યા હતા, કે જેનું આચરણ વાસ્તવિક જીવનમાં પાલન કરી શકાય. એ કામ તો ચિદાનંદજીએ જ કરવાનું હતું. સદ્‌ગુરુદેવ પોતાનું અધૂરું કાર્ય સ્વામીજીના રૂપમાં કરી રહ્યા હતા, કે જેથી મુમુક્ષુઓનો અધ્યાત્મપથ અજવાળાય? જે કંઈ પણ હોય, સ્વામીજીએ એક યુગપ્રવર્તક યાત્રાનો સંકલ્પ કરવો જ પડ્યો. દક્ષિણ આફ્રિકા, સ્થિત ધી ડિવાઈન લાઈફ સોસાયટી ઓફ સાઉથ આફ્રિકા, ડરબનના અધ્યક્ષ શ્રીમત્ સ્વામી સહજાનંદજી મહારાજે સ્વામીજીને દક્ષિણ આફ્રિકા પધારવાની વિનંતી કરી. સ્વામીએ તેનો સ્વીકાર કર્યો.

બીજી મે, ઓગણીસો અટસઠ (તા.૨-૫-૧૯૬૮)નો પવિત્ર દિવસ. મુંબઈના અરબી સમુદ્રતટે 'કંપોજ' નામની એક ફ્રેન્ચ સ્ટીમર તેમની રાહ જોઈ ઊભી હતી. સ્વામીજીએ સદ્‌ગુરુદેવની પાદુકાઓનું પૂજન કર્યું. આજે શ્રીશ્રી મા આનંદમયીમાનો પુનિત પ્રાકટ્ય દિવસ હતો. તેમની છબી પધરાવવામાં આવી. સ્વામીજીએ પૂજ્ય માને પુષ્પો અર્પણ કર્યાં. દંડવત્ પ્રણામ કર્યાં અને દક્ષિણ આફ્રિકા ભણી પ્રયાણ કર્યું.

તેરમી મેના દિવસે ડરબનના સિટી હોલમાં સ્વામીજીના સ્વાગતની જોરદાર તૈયારી કરવામાં આવી હતી. આફ્રિકાનો વરિષ્ઠ વિદ્વત્ સમાજ ભારતના આ મહાન સંતનાં દર્શન માટે ઉત્સુક હતો. ડરબન યુનિવર્સિટી કોલેજના રેક્ટર પ્રા. એસ. પી. ઓલિવ્હિએર સ્વામીજીની રાહ જોઈ રહ્યા હતા અને મનમાં વિચારતા હતાઃ

'ભારતીય સાધુઓ વિશે તો બહુ સાંભળ્યું છે. કેવા હશે તે ચિદાનંદ? તેમના ધર્મના તત્ત્વજ્ઞાનને જાણ્યું છે, બહુ અટપટું અને ગહન હોય છે. તેમાં અનેક અમાનવી વિદ્યાઓ પણ વણાયેલી હોય છે. શું તેઓ કંઈક એવું જ અતીન્દ્રિય શક્તિઓ સંબંધી કહેશે ? અથવા કંઈક એવી સાધના, વિદ્યા કે જે સીધેસીધી પ્રાપંચિક જીવનમાં જીવી ન શકાય?'

એટલામાં સ્વામીજીનું આગમન થયું. પ્રોફેસર સાહેબ તરફ દેખીને પ્રસન્નતાથી સ્મિત કરીને, તેમને

બંને હાથ જોડીને, મસ્તક ઝુકાવીને તેમને પ્રણામ કર્યાં. શું આ સાચું હતું? આવું થાય? લોકો જેને ઈશ્વર માને છે, તે સ્વયં ઝૂકીને પ્રણામ કરી રહ્યો છે. તેમના મનની સમસ્ત આશંકાઓ ક્ષણભરમાં નિર્મૂળ થઈ ગઈ. તેમને લાગ્યું કે કોઈ ચિરપરિચિત મિત્ર લાંબાગાળે આજ ખૂબ જ પ્રેમથી મળી રહ્યો હોય. સ્વામીજીનો પરિચય કરાવતાં કહ્યું, 'આંતરરાષ્ટ્રીય કીર્તિના આધ્યાત્મિક ઉપદેશક', ત્યારબાદ સ્વામીજીએ પોતાના પ્રભાવી શબ્દોમાં ઉદ્‌બોધનનો પ્રારંભ કર્યો.

'ઘર અને કાર્યાલયોનાં કાર્યોમાં સદા વ્યક્ત તમારે દિવસમાં કલાકો સુધી કોઈ આધ્યાત્મિક સાધના કરવાની આવશ્યકતા નથી. માત્ર એક પળ... તમારાં કામનાં ટેબલ-ખુરશી ઉપર જ બેસીને... બસ, ક્ષણભર માટે આંખો બંધ કરો. તે પરમ પિતા પરમેશ્વરનું સ્મરણ કરો. તેણે આપણને જે સુંદર જીવન આપ્યું છે તેને માટે ધન્યવાદ જ્ઞાપન કરો, કૃતજ્ઞતા વ્યક્ત કરો. દિવસે તમારા કાર્યક્ષેત્રમાં કામ કરતાં કરતાં જ મનમાં પ્રભુસ્મરણ-જપ કરો. પોતાનું કામ જ તેની પૂજા છે તેમ માનીને પ્રત્યેક કામ નિષ્ઠાથી કરો. પ્રત્યેક કામ પ્રામાણિકતાથી કરો. તેમાંથી મને શું મળશે? તેવા લાભની અપેક્ષા ન રાખો. તમારું દૈનિક જીવન અને તમારી આધ્યાત્મિક સાધના તે બંને જુદાં જુદાં તત્ત્વો કે પાસાંઓ નથી કે તેમાં કોઈ ગૂઢ રહસ્યો પણ રહેલાં નથી.

પ્રોફેસર ઓલિવ્હિએર તો સ્તબ્ધ થઈ ગયા. તમામ શ્રોતા સમુદાયના ચહેરા ઉપર પણ એ જ ભાવ હતા. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોનું તત્ત્વજ્ઞાન... આટલું બધું સરળ... સચોટ અને સીધું... અરે! ભારત વિશે તો અમોએ કેટલી બધી ગડમથલ કરેલી ?

પ્રોફેસર ઓલિવ્હિએરે સ્વામીજીને વિનંતી કરી કે તેઓ તેમની કોલેજમાં પધારે અને વિદ્યાર્થીઓને સંબોધન કરે. સ્વામીજીએ ત્યાં યુવાવર્ગનાં મન જીતી લીધાં. પોતાના છાત્ર જીવનમાં ચારિત્ર્ય સંવર્ધનની શું આવશ્યકતા છે તેને કેમ કરી શકાય તે તેમણે સમજાવ્યું.

સ્વામીજી દક્ષિણ આફ્રિકામાં અથક ભ્રમણ કરી રહ્યા હતા. સ્વામી શિવાનંદજીનો સંદેશ તેઓ ખૂણે ખૂણે પહોંચાડી રહ્યા હતા. ભારતીય સંસ્કૃતિ માનવજીવનને કેવી રીતે દિવ્ય બનાવી શકે તે વાતનું તેઓ ઠેરઠેર પુનરાવર્તન કરી રહ્યા હતા. ભૌતિક સુખોથી પર પણ કંઈક આનંદ હોય છે તેની ઓળખ કરાવતા હતા. મેટે બેન્ક, નોર્થડિમ, સ્ટેંજર, ડોરનોલ, ડર્બ્ઝિટો, પિટર મેરીઝબર્ગ, કિંબર્લી લેડીસ્મિથ, કેપટાઉન આ તમામ સ્થળોએ સ્વામીજી ગયા. આ પ્રત્યેક સ્થળોના લોકોએ સ્વામીજીમાં એક પયગંબરનાં દર્શન કર્યાં. એક મહાન પયગંબર.

ત્યારબાદ સ્વામીજી મોરિશિયસ, ઝિમ્બાબ્વે, ક્યૂક્યૂ, સેલીસબરી, બુલાવાયો વગેરે દેશોમાં પણ ગયા. પછી તેઓ 'ડોલા' પણ ગયા. 'ડોલા'થી તેઓ મોમ્બાસા આવવાના હતા. મોમ્બાસા દિવ્ય જીવન સંઘના ભક્તોનો ઉત્સાહ ચરમસીમા પર હતો. તેમના ક્રાઈસ્ટ, ઈસુ મસીહા તેમને મળવા આવી રહ્યા હતા. સૌની આંખમાં આંખ મેળવી જુઓ તો દેખાશે એકમાત્ર આતુરતા... અદ્‌ભુત પ્રતીક્ષા... તેમનાં નયન! ઉન્મિલિત નયન! પ્રતીક્ષામાં વ્યાકુળતા હતી. સત્તર નવેમ્બરની સાંજે સ્વામીજી ત્યાં પધારવાના હતા. તેમના જાહેર પ્રવચનો ઠેર ઠેર આયોજાયાં હતાં. તે સંબંધી જાહેરાતો પણ પુષ્કળ કરવામાં આવી હતી. મોમ્બાસાની પ્રજા આ ભારતીય સાધુના દર્શન કરવા તલપાપડ થઈ ગઈ હતી. દક્ષિણ આફ્રિકામાં આ પૂર્વે પણ એક મહાન ભારતીય ઈન્સાન રામનામનો મંત્ર લઈને આવ્યો હતો. ગળીના ખેતરોમાં મજૂરો ઉપર થતા અત્યાચારોમાંથી તેણે તેમને મુક્તિ અપાવી હતી. અસ્ત્રશસ્ત્ર વગરનો તેનો સંઘર્ષ આશ્ચર્યજનક હતો. હવે

દીર્ઘકાળ પછી ફરીથી એક ભારતીય સાધુ તેમને આત્મીય સુખ અને આત્માની સમૃદ્ધિનો માર્ગ દેખાડવા આવી રહ્યો હતો. ભક્તો કાર્યક્રમની સફળતા માટે પુરજોશથી કામે લાગ્યા હતા. કામ કરવા માટે અગણિત હાથ હતા. બસ સેવાર્થી અનેક હતા, પણ હવે એટલી સેવા જ ન હતી. આકસ્મિક કોઈકના ધ્યાનમાં આવ્યું... આયોજનમાં કંઈક ખામી રહી ગઈ છે. ડોલાથી મોમ્બાસા માટે તો ફલાઈટ જ નથી! હવે સ્વામીજીએ દાર-એ-સલામ જવું પડશે. આવું તો થવાનું જ... અને મોમ્બાસાનો કાર્યક્રમ નિર્ધારિત સમયસર નહીં થઈ શકે. સંયોજકો નિરાશ થઈ ગયા. હવે શું થાય? શ્રદ્ધાથી આવવાવાળા સર્વે શ્રોતાઓને હાથ જોડીને પાછા મોકલવા પડશે. નીચે જમીન ઉપર સંયોજકો નિરાશ વદને બેઠા હતા, અને ઉપર સ્વામીજીનું પ્લેન ટાંઝાનિયાની રાજધાની દાર-એ-સલામ જઈ રહ્યું હતું.

અને અચાનક કન્ટ્રોલરૂમમાંથી સૂચના આવી કે... હમણાં થયેલ મુશળધાર વરસાદને કારણે દાર-એ-સલામનું ઉતરાણ જોખમીભર્યું હોઈ પ્લેનને મોમ્બાસા એરપોર્ટ પર ઉતારવું. સ્વામીજીનું મોમ્બાસાના સત્સંગ માટેનું વચન મિથ્યા કેમ થાય? તમારી નિષ્ઠા સત્યમાં પ્રતિષ્ઠિત હોય તો પૂષા મારુત મેઘ સૌ તમારી સહાયે રહે છે, કારણ કે સમગ્ર બ્રહ્માંડ સત્ય પર જ પ્રતિષ્ઠિત છે ને? સત્તરમી નવેમ્બરનો કાર્યક્રમ સત્તરમી નવેમ્બરે જ થયો. સ્વામીજીએ આ વિશેષ કૃપા માટે ઈશ્વર પ્રતિ કૃતજ્ઞતા પ્રગટ કરી, આભાર વ્યક્ત કર્યો.

અહીંથી હવે તેઓ આફ્રિકાની યાત્રા પૂરી કરીને રોમ અને પશ્ચિમ જર્મની ગયા. દરિયાપારના દેશો માટે યોગ, ગુરુનું મહત્ત્વ, યોગની વિશ્વવ્યાપકતા, ધ્યાન, એવા અનેક વિષયો ઉપર તેમણે ઉદ્‌બોધનો કર્યાં. સ્વામીજીનાં દર્શન માત્રથી પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગે રંગોયેલા લોકોની આંખો અશ્રુભીની થઈ ગઈ. બુદ્ધિવાદીઓ તો ચકિત થઈ ગયા. પોતાનો અહંકાર ત્યાગીને તે સૌ તેમના ચરણે પડવા લાગ્યા. ધાર્મિક લોકો તો આ કળિયુગમાં ઈશ્વરનો વિશેષ સંદેશવાહક એમ કહીને તેમના પ્રત્યે ન્યોછાવર થઈ ગયા. એક નિ:શસ્ત્ર, નિર્ધન, સત્તાહીન ભારતીય વિશ્વવિજયી થઈ રહ્યો હતો. તે સૌના મનમાં એક જ સવાલ ઊઠતો હતો. કેવું હશે તે ભારત જ્યાં આવા મહાત્માઓ અવતરે છે? તેની માટીમાં એવી તે કઈ વિશેષતા છે ? માટીની સુગંધ કેવી હશે? અહીં સર્વત્ર એક વિશિષ્ટ ક્ષમતા સમ્પન્ન આદર્શનું નિર્માણ થયું.

☐ 'અમૃતપુત્ર'માંથી સાભાર

ઈંતજારમાં ઊભો છું

વિરહની એવી આગમાં ઊભો છું,
તારા મિલનની ચાહમાં ઊભો છું.

દિશાઓ બધી તો શૂન્ય બની છે,
પ્રગાઢ એવા અંધકારમાં ઊભો છું,

એ ભાસ નથી, આભાસ નથી,
હકીકત છે; મઝધારમાં ઊભો છું,

ન રોષ કે ફરિયાદ છે આંખોમાં,
દર્શનના તારા અણસારમાં ઊભો છું.

એ જ નાવ, એ જ નાવિક છે 'બિપિન',
જન્મોથી જેના ઈંતજારમાં ઊભો છું.

☐ બિપિન પટેલ

પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની અધ્યાત્મયાત્રા-૨૦૧૩નો સંક્ષિપ્ત અહેવાલ

શિકાગો : (તા. ૨૮ જૂન થી તા. ૩ જુલાઈ, ૨૦૧૩)

તા.૨૮ મી જૂનની ઢળતી બપોરે પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ શિકાગોના ઓહારે એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. તા. ૩૦ જૂન થી ૩ જુલાઈ સુધી હિન્દુ ટેમ્પલ ઓફ ગ્રેટ શિકાગો ખાતે પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજીનો યોગ શિબિર આયોજાયો હતો. શ્રી સ્વામી વિવેકાનંદ મેમોરિયલ હોલ ખાતે તથા શ્રી અરવિંદ કેન્દ્ર અને ઈતર સંસ્થાઓમાં પણ પૂજ્યશ્રીના સત્સંગ - પ્રવચનો આયોજાયાં હતાં. સ્વામી વિવેકાનંદ એવન્યૂમાં પૂજ્યશ્રીએ ગયા વર્ષે ૨૪ 'મેપલ' (ચિનાર)ના છોડ રોપ્યા હતા. જેમાંથી ૨૨ બચ્યા અને વધ્યા આ વર્ષે પણ પૂજ્ય સ્વામીજીએ આ જ પ્રાંગણમાં બીજા ૧૨ મેપલ-ચિનારોનું વૃક્ષારોપણ કર્યું. તા.૩ જૂલાઈની ઢળતી બપોરે પૂજ્ય સ્વામીજી વિસકોન્સીનના મેડીસનનગર ખાતે રવાના થયા હતા.

મેડીસન (વિસકોન્સીન): (તા. ૩ જુલાઈ થી તા. ૬ જુલાઈ ૨૦૧૩)

મેડીસન હિન્દુ મંદિર ખાતે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની પધરામણી આ વર્ષે ચોથી વાર થઈ. શ્રીમતી મંજુ અને શ્રી જગદીશ અગ્રવાલ દંપતીએ જ્યારે જગ્યા ખરીદ કરી ત્યારે પૂજ્ય સ્વામીજીએ ભૂમિ પૂજન કર્યું હતું. પછી શિલાન્યાસ, ત્યારબાદ મૂર્તિપ્રતિષ્ઠા, ગયા વર્ષે શ્રી શિરડી સાંઈબાબાની મૂર્તિપ્રતિષ્ઠા અને આ વર્ષે મંદિરનો પાટોત્સવ. પૂજ્ય સ્વામીજીના આગમનથી મંદિર અને ભક્તોમાં નૂતન પ્રાણસંચાર થયાનો સૌને અનુભવ થયો.

ટોલિડો (ઓહાયો) (૭ જુલાઈ થી ૧૧ જુલાઈ, ૨૦૧૩)

ટોલિડો હિન્દુ મંદિરના અધ્યક્ષશ્રી તથા પ્રધાન આચાર્ય શ્રી અનંત દીક્ષિતજીના ભાવભર્યા નિમંત્રણે પૂજ્ય સ્વામીજી રવિવારે સાતમી જુલાઈના રોજ મેડિસનથી વાયા મીલવોકી; ડેટ્રોઈડ થઈને ટોલિડો આવી પહોંચ્યા હતા. દરરોજ સવારે યોગસત્ર અને સાંજનાં પ્રવચનોમાં વિશાળ સંખ્યામાં ભારતીય ઉપરાંત મૂળ અમેરિકન મુમુક્ષુઓએ ખૂબ જ લાભ લીધો.

ટ્રોય (મિશિગન) (તા.૧૧ જુલાઈ થી ૧૭ જુલાઈ)

ટ્રોયના ભારતીય મંદિરના વિસ્તૃતીકરણ માટે ૨૦૦૬માં પૂજ્ય સ્વામીજીએ જૂના મંદિરના મલ્ટીપર્પઝ ભવનમાં શિવપુરાણ કથા નવ દિવસ સુધી અંગ્રેજીમાં કરેલી. પ્રભુ કૃપાથી ધનરાશિ ખૂબજ વિપુલ પ્રમાણમાં જમા થયેલી, ત્યારબાદ નૂતનમંદિરનું ભૂમિ પૂજન-ભૂમિખનન (Land Breaking) પણ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના વરદ હસ્તે થયું. નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અને સ્વામીજીને પ્રિય વૃક્ષારોપણ ગયા વર્ષે થયાં. આ વર્ષે મંદિરનાં ત્રણ શિખર ઉપર મહાકુંભ અભિષેકનો કાર્યક્રમ બારથી પંદર જુલાઈ સુધી થયો.

પૂજ્ય સ્વામીજીનું આગમન અગિયારમી તારીખે સાંજે થયું, ત્યારે દક્ષિણ ભારતીય પરંપરા અનુસાર પૂર્ણ કુંભ, શંખનાદ, ઘંટારવ અને વેદઘોષો સાથે સ્વાગત કરવામાં આવ્યું. પૂજ્ય સ્વામીજીએ તેમના સ્વાગત પ્રવચનમાં કહ્યું, '' મંદિરો સનાતન ધર્મનાં પ્રાણ છે. જ્યાં મન સ્થિર થાય તે મંદિર. મંદિરોમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓ પ્રતિષ્ઠા પામ્યા બાદ મૃણમયમાંથી ચિન્મય બનતી હોય છે. માટે મંદિરો તેમનાં પ્રતિષ્ઠિત દેવ-દેવીઓની મૂર્તિઓનું સન્માન જાળવવું, તેમના અર્ચકો-પૂજારીઓથી જ મંદિરની પ્રતિષ્ઠા રહે છે માટે પૂજારીઓનું પણ સન્માન રાખવું. આપણા પારિવારિક જીવનના સુખ દુઃખનાં સાથી આ મંદિરો છે. તેમની સાથે આપણે સ્નેહસૂત્રે બંધાઈ રહેવું.''

બારમી જુલાઈ શુક્રવાર થી સત્તરમી જુલાઈ બુધવાર સુધી જૂના મંદિરના મલ્ટીપર્પઝ ભવનમાં પૂજ્ય સ્વામીજીએ નિઃશુલ્ક યોગસત્રનું સંચાલન કર્યું. ત્યારબાદ સાત સમુદ્ર સાત નદીઓનાં જળ ૧૦૮ કુંભમાં ભરીને સ્થાપિત કરેલા, ત્યાં સાત મોટા- મોટા યજ્ઞો ત્રણ દિવસ સુધી થયા, જેમાં પ્રમુખ શ્રી ગણપતિ યાગ, સુદર્શન યાગ, પાવમાન યાગ, મહાનારાયણ યાગ, મહારુદ્ર યાગ વિશેષ હતા. પ્રત્યેક યજ્ઞોને અંતે પૂજ્ય સ્વામીજી એ આ યજ્ઞનાં વિધિવિધાન, તેનાં સ્વરૂપ અને તેના હેતુની સમજણ આપી, પંદરમી તારીખે સવારે કળશયાત્રા થઈ. હેલિકોપ્ટર વડે ૮૭' ઊંચા શિખર ઉપર અમૃતાભિષેક અને પુષ્પવૃષ્ટિ કરવામાં આવી. મુખ્ય યજમાનો અને પૂજ્ય સ્વામીજી 'ક્રેન' માં બેસીને ગોપુરમ્ - શિખરની પૂજા માટે ઉપર ગયા. મંગળ પુષ્પ વૃષ્ટિ કરી સૌને દિવ્ય આનંદ આપ્યો.

ટ્રોયના નિવાસ દરમિયાન દરરોજ સાંજે અલગ અલગ ભક્તોને ત્યાં પૂજ્ય સ્વામીજીના સત્સંગ- પ્રવચનો આયોજાયાં. આ પૂર્વેની ટ્રોયની મુલાકાતો દરમિયાન પૂજ્ય સ્વામીજી એ કરેલાં વૃક્ષારોપણનાં વૃક્ષોમાં આ વર્ષે ચેરી, સફરજન, એપ્રીકોટ, પેયર્સ ખૂબ થતાં સૌને આનંદ થયો- આ વર્ષે વૃક્ષારોપણ તો થયું જ.

એલનટાઉન (પેન્સિલવાનિયા) (તા.૧૭ જુલાઈ થી ૨૧ જુલાઈ)

અનુપમ મિશનના સંસ્થાપક આદરણીય પૂજ્ય જસભાઈ સાહેબ સંસ્થાપિત શ્રી સ્વામિનારાયણ મંદિર એલન ટાઉનના કો-પ્લેનો

દશાબ્દી મહોત્સવ તા.૧૭ જુલાઈ થી ૧૨ જુલાઈ સુધી ઊજવાયો. અહીં ઉત્સવ ત્રિવેણીમાં મંદિર મહોત્સવ, યુવકસભાનો દ્વિદશાબ્દી મહોત્સવ પૂજ્ય સાહેબજીનો અમૃત મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઊજવાયો. સોખડાના પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજી તેમના સંતમંડળ સાથે, આર્ષ વિદ્યામંદિર, અમદાવાદના પૂજ્યપાદ શ્રી સ્વામી વિદિતાત્માનંદજી મહારાજ તથા ગણેશપુરીના પૂજ્ય શ્રી સ્વામી મુક્તાનંદજી મહારાજના શિષ્ય મહામંડળેશ્વર શ્રીમત્ સ્વામી નિત્યાનંદજી મહારાજ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા. અનેક વિશિષ્ટ ક્ષમતા સમ્પન્ન મહાનુભાવોનું 'શાલીન માનવ' બિરુદ સાથે સન્માન કરવામાં આવ્યું. યુવકોનાં જીવન પરિવર્તન અને તેમનામાં રેડાયેલા સંસ્કારોનું સુભગ દર્શન થયું.

ન્યૂજર્સી (તા. ૨૨ જુલાઈ થી ૩૧ જુલાઈ, ૨૦૧૩) એલનટાઉનથી ન્યૂજર્સી પૂજ્ય સ્વામીજી પેન્સિલવાનિયા ખાતે પૂજ્યા નંદુબાનાં બાળકોને ઘેર ગયા. પૂજ્ય નંદુબાનું વાત્સલ્ય સદૈવ પૂજ્ય સ્વામીજી માટે આનંદ અને આદર સ્વરૂપ હતું. ત્રણ સપ્તાહ પૂર્વેજ તેમનું નિધન થયું હતું. સદ્ગતની આત્મ શાંતિ માટે પૂજ્યશ્રીએ પ્રાર્થના કરી, સૌને આશ્વાસન આપ્યું. ત્યારબાદ પૂજ્ય સ્વામીજી ન્યૂજર્સીના વેસ્ટ ઓરેન્જ ખાતે શ્રીમતી ઈશા અને શ્રી નરેશ લાલાજીને ત્યાં પધાર્યા.

ગુરુપૂર્ણિમાની સવારે પૂજ્ય સ્વામીજી મ.મં સ્વામી નિત્યાનંદ બાબાજીને ત્યાં ન્યૂયોર્ક પધાર્યા. સવારે ગુરુપૂજા યજ્ઞ અને ભંડારા પછી સાંજે ગુરુપાદુકા પૂજન શ્રી અંબાજી મંદિર ગેરફિલ્ડ ખાતે થયું.

તા. ૨૩ જુલાઈ થી ૨૭ જુલાઈ સુધી પૂજ્ય ફૂલકમલયોગ ટોમ્સ રિવર ખાતે રહ્યા. અહીં અનેક યોગ સંસ્થાઓ તથા હોસ્પીટલોમાં મુલાકાત સિવાય સત્સંગો આયોજાયા.૨૮ જુલાઈ થી ૩૧ જુલાઈ સુધી ન્યૂજર્સીના પરસીપન્નીના સનાતન મંદિરમાં યોગવર્ગો સત્સંગ સિવાય; તા.૨૮ જુલાઈ ના રોજ શ્રી પપ્પુ શોધાનીજીને ત્યાં વિશ્વ હિન્દુ પરિષદનું એકદિવસિય અધિવેશન પૂજ્ય સ્વામીજીની અધ્યક્ષતામાં થયું. ''ભારતીય સાંસ્કૃતિક વિકાસ માટે સ્વામી વિવેકાનંદજીનું યોગદાન'' પ્રવચન (પૂજ્ય સ્વામીજીએ) હૃદયદ્રાવક રીતે ઉદ્બોધિત કર્યું. તા.૩૧ જુલાઈની બપોરે સ્વામીજી ટોરન્ટો (કેનેડા) જવા રવાના થયા.

ટોરન્ટો (કેનેડા) (તા. ૩૧ જુલાઈ થી ૭ ઓગસ્ટ, ૨૦૧૩)

ટોરન્ટોના મીસી સાગા ખાતે શ્રી હિન્દુ સાંસ્કૃતિક ભવન-ખાતે પૂજ્ય સ્વામીજી યોગવર્ગો તથા સાયંકાલીન સત્સંગો થયા અન્ય સંસ્થાઓ તથા ભક્તોની ભાવનાને ધ્યાન આપી સ્વામીજીએ ભક્તોને ત્યાં પધરામણી પણ કરી. પૂજ્ય સાહેબની ભક્તિ શિબિર શ્રી ચિન્મય મિશન ખાતે હતી, ત્યાં પણ પૂજ્ય સ્વામીજીએ આશીર્દાન કર્યાં.

મિલવોકી (વિસકોન્સીન) (તા.૭ ઓગસ્ટ થી ૧૨ ઓગસ્ટ, ૨૦૧૩)

મિલવોકીના હિન્દુ મંદિર ખાતે પૂજ્ય સ્વામીજીના યોગ વર્ગો ઉપરાંત પ્રવચનો, ગીતા સ્વાધ્યાય ઉપરાંત સુપ્રસિદ્ધ ''જનરલ ઈલેક્ટ્રિક'' કંપની ખાતે પણ સ્વામીજીએ કલાકો સુધી કમ્પ્યૂટર પર બેસીને થતી સમસ્યા, કારપેલ ટનેલ સિન્ડ્રોમ, સર્વાઈકલ સ્પોન્ડિલોસિસ, ફ્રોઝન સોલ્ડર, લંબો-સેક્રલ પેઈનના સમાધાન માટે એક યોગ સિમ્પોઝિયમનું આયોજન પણ કર્યું. પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી અત્રે દર વર્ષે ત્રણ વખત રક્તદાન શિબિર થાય છે, જેમાં ૪૦૦થી વધુ સ્વયં રક્તદાતાઓ રક્તદાન કરે છે.

શાર્લોટ (નૉર્થ કેરોલિના) (તા.૧૨ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ, ૨૦૧૩)

મિલવોકીથી મેમ્પીઝ થઈને પૂજ્ય સ્વામીજી તા.૧૨ ઓગસ્ટની સાંજે શાર્લોટ પધાર્યા, અહીં પૂજાઓ, યજ્ઞ અને સત્સંગ થયા. સૌ ભક્ત મંડળમાં પૂજ્ય સ્વામીજીની ઉપસ્થિતિ પ્રાણ પ્રદાન કરી ગઈ.

એટલાન્ટા (જ્યોર્જિયા) (૧૫ ઓગસ્ટ થી ૧૮ ઓગસ્ટ, ૨૦૧૩)

પંદરમી ઓગસ્ટ નિમિત્તે માર્ટીન લ્યૂથર કિંગના સ્મૃતિ ભવન ખાતે પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજીની પ્રતિમા પાસે એટલાન્ટા-જ્યોર્જિયાના ભારતીય દૂતાવાસ દ્વારા આયોજિત સમારોહમાં પૂજ્ય સ્વામીજી પ્રમુખ વક્તા હતા. એટલાન્ટાના સુપ્રસિદ્ધ ગ્લોબલ મોલ ખાતે દરરોજ સવારે યોગસત્ર અને સાંજે શિવમંદિરમાં શિવમહિમા' પ્રવચનો ઉપરાંત શહેરના સુપ્રસિદ્ધ બાલાજી મંદિરના પ્રથમ બ્રહ્મોત્સવ અને રથોત્સવના અતિથિ વિશેષ પૂજ્ય સ્વામીજી રહ્યા.

ઈન્ડિયન અમેરિકન એસોસિયેશન ખાતે તથા એટલાન્ટા સિનિયર સિટિઝનસ માટે આશીયાનાના વિશાળ ભવનમાં પૂજ્ય સ્વામીજીનાં ખૂબજ પ્રભાવશાળી અને મનનીય પ્રવચનો થયાં.

અઢારમીની મોડી રાત્રે પૂજ્ય સ્વામીજી શિકાગો અને ઓગણીસમીની સાંજે તેઓશ્રી લંડન જવા રવાના થયા.

લંડન (તા. ૨૦ ઓગસ્ટ થી ૨૭ ઓગસ્ટ, ૨૦૧૩)

તા.૨૦-૮ ની સવારે પૂજ્યશ્રી લંડન આવી પહોંચ્યા હતા. અનુપમ મિશન, શ્રીમતી ચંદ્રકળાબહેન ટેલર પરિવાર (બ્રિસ્ટોલ), લેસ્ટર, અભિષેક સોની (લીડ્સ) શ્રીમતી હેમાબેન અને શ્રી જગદીશભાઈ પટેલ (શટન સરે) તથા શ્રી જોગેન્દ્રભાઈને ત્યાં સત્સંગનો આનંદ માણી જન્માષ્ટમીની વહેલી સવારે સ્વામીજી અમદાવાદ આવી પહોંચ્યા હતા. એરપોર્ટ પર સૌએ આનંદથી પૂજ્ય સ્વામીજીને વધાવ્યા હતા.

વૃત્તાંત

શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, અમદાવાદ:

તા. ૧૦-૭-૨૦૧૩ના રોજ રથયાત્રા ઉત્સવ:

જુલાઈ મહિનાનો પ્રારંભ સમગ્ર ગુજરાતમાં વાવાઝોડાં અને વરસાદથી થયો. ૧૦મી તારીખે રથયાત્રા - અષાઢી બીજે આશ્રમના પ્રાંગણમાં આશ્રમસ્થિત ભગવાન શ્રી જગન્નાથ મહાપ્રભુજી, સુભદ્રાજી અને બલભદ્રજીને શૃંગાર કરેલા રથમાં આશ્રમ પરિસરમાં વાજતેગાજતે ઢોલનગારાં અને હરિનામ સંકીર્તનની હેલી સાથે ફેરવવામાં આવ્યા. રથયાત્રા દરમિયાન અમીછાંટણાં થતાં ભક્તોએ ઈશ્વરકૃપાનો અનુભવ કર્યો. મોટી સંખ્યામાં ભાવિકો આ યાત્રામાં જોડાયા અને પછી સૌએ દૂધપાક, માલપૂઆ, મગ અને જાંબુનો મહાપ્રસાદ આરોગી કૃતકૃત્યતાનો અનુભવ કર્યો.

તા. ૧૪-૭-૨૦૧૩ના રોજ મહાસમાધિ દિવસ: પૂજ્ય ગુરુભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજના ૫૦મા પવિત્ર મહાસમાધિ દિન નિમિત્તે આશ્રમમાં વિશેષ સત્સંગ, સામૂહિક હનુમાન ચાલીસા. મહામૃત્યુંજય મંત્રના જપ થયા.

તા. ૨૨-૭-૨૦૧૩ના રોજ ગુરુપૂર્ણિમા ઉત્સવ: ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે સાંજે શ્રી સ્વામી ચિદાનંદ ધ્યાન-યોગ મંદિર ખાતે ખૂબ જ ઉત્સાહપૂર્વક પાદુકાપૂજન, ભજનકીર્તન થયાં. પરમ પૂજ્ય શ્રીમત્ સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજ વિદેશયાત્રા પર હોવાથી અમેરિકાથી ફોન દ્વારા ભક્તોને આ પ્રસંગને અનુરૂપ દિવ્ય સંદેશ અને આશીર્વચન પાઠવ્યા, સૌ ભક્તો ભાવવિભોર થઈ ગયા. શ્રીમતી રૂપાબેન મજમુદારે ''ગુરુતત્ત્વ અને માહાત્મ્ય'' વિશે કહ્યું. પછી સૌ ભકતોએ ભાવપૂર્વક મહાપ્રસાદ (ભંડારો) આરોગ્યો અને ગુરુકૃપાને હૃદયમાં ધારણ કરી ધન્યતાનો અનુભવ કર્યો.

તા. ૩૧-૭-૨૦૧૩ના રોજ આરાધના પર્વ: સદ્‌ગુરુદેવ શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજના ૫૦મા મહાસમાધિ - આરાધના પર્વની ઉજવણી શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે ખૂબ જ ભક્તિભાવ સાથે શ્રી ગુરુપાદૂકાપૂજન, પ્રાર્થના અને ગુરુદેવના દિવ્ય નામના જપ સાથે કરવામાં આવી. સૌ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી

તા. ૩-૮-૨૦૧૩ના રોજ સુંદરકાંડ પારાયણ: પરમ પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજના પરમ ભક્ત શ્રી કમલેશભાઈ ખન્ના દ્વારા તેમના લગ્નજીવનની રજતજયંતી નિમિત્તે શિવાનંદ આશ્રમ, અમદાવાદમાં શ્રી અજય ભાઈ યાજ્ઞિક (દિલ્હી)ના મધુરકંઠે સુંદરકાંડ પારાયણનું આયોજન કરવામાં આવ્યું. શ્રી અજયભાઈ યાજ્ઞિકે એમની આગવી શૈલીમાં સુંદરકાંડના ગાન સાથે તેનો ગૂઢાર્થ સમજાવ્યો અને આ પારાયણનું બપોરે ૩ વાગ્યે શરૂ કરી રાત્રિના ૯.૩૦ વાગ્યે સમાપન કરવામાં આવ્યું. વાતાવરણમાં દિવ્યતા વ્યાપી ગઈ. મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો. અંતે પ્રસાદ ગ્રહણ કરી કૃતકૃત્યતા અનુભવી.

તા. ૬-૮-૨૦૧૩ના રોજ શ્રાવણ માસ પ્રારંભ: શિવાનંદ આશ્રમ ખાતે પવિત્ર શ્રાવણ માસની ઉજવણીનો આરંભ ભગવાન શ્રી વિશ્વનાથ મહાદેવની પૂજા-અર્ચના અને શ્રીમદ્‌ભાગવત કથા સાથે થયો. ભગવાન શ્રી વિશ્વનાથ મહાદેવ મંદિર નિત્ય ભક્તોથી ઊભરાતું રહ્યું. પવિત્ર શ્રાવણ માસ દૈનિક રુદ્રાભિષેક પૂજાઓ, ષોડશોપચાર પૂજાઓ, અભિષેકાત્મક લઘુરુદ્ર, સવાલક્ષ બિલ્વપત્રોની અર્ચના, પાર્થિવેશ્વર મહાદેવ પૂજાઓ, ઉપરાંત સોમવારે વિશેષ શૃંગાર આરતી અને રાત્રે પ્રહર પૂજાઓ સાથે ઊજવાઈ રહ્યો છે. જે દરમ્યાન વિવિધ ઉત્સવોના આયોજન સમયે વિશેષ શૃંગારદર્શનનું પણ આયોજન કરવામાં આવેલ હતું.

શ્રી ભાગવત કથાઃ શિવાનંદ આશ્રમ ખાતે ભાગવતાચાર્ય શ્રી મનહરલાલજી મહારાજના અનુજ શ્રી મધુસૂદન શાસ્ત્રીજી મહારાજના વ્યાસાસને નિત્ય સાંજે શ્રીશ્રીશ્રી અષ્ટલક્ષ્મી ભવન ખાતે તા.૭ ઓગસ્ટથી આરંભ કરી તા. ૫ સપ્ટેમ્બર (શ્રાવણી અમાવાસ્યા) સુધી શ્રીમદ્ ભાગવત કથા આયોજિત કરવામાં આવી છે, જેમાં નિત્ય ભાવિક ભક્તો કથાશ્રવણનો લાભ લઈ રહ્યા છે.

સ્વાતંત્ર્યદિને ધ્વજવંદનઃ

શિવાનંદ આશ્રમ ખાતે તા. ૧૫ ઓગસ્ટના રોજ સવારે ૭ કલાકે સ્વાતંત્ર્યદિન નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો. શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘના ટ્રસ્ટી શ્રી અરુણભાઈ ઓઝાના હસ્તે ધ્વજારોહણ થયા પછી સમૂહ રાષ્ટ્રગાન ગાવામાં આવ્યું તેમજ નારાયણગુરુ વિદ્યાલયના શિક્ષકો, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓએ રાષ્ટ્રભક્તિનાં ગીતો ગાયાં. શ્રી અરુણભાઈ ઓઝાએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, 'રોજબરોજ આપણને ખરાબ અને નકારાત્મક બાબતો, પ્રસંગો વિશે જાણવા-વાંચવા મળે છે, જેના કારણે આમ જનતામાં નિરાશાનું વાતાવરણ જન્મે છે. સંસ્થાઓના સંદર્ભમાં પણ નકારાત્મક બાબતો જ પ્રદર્શિત કરવામાં આવે છે, જ્યારે બીજી બાજુ સંસ્થાઓ જે સમાજોપયોગી સારી પ્રવૃત્તિઓ કરે છે તેની કોઈ વિશેષ નોંધ લેવામાં આવતી નથી તેવી પરિસ્થિતિમાં આપણી આજુબાજુ આદર્શરૂપ જીવન જીવતી વ્યક્તિઓ તેમજ કાર્યરત અનેક સંસ્થાઓ આપણને જોવા મળે છે. જો તેને નજર સમક્ષ રાખી વિચારીશું તો જીવનમાં નિરાશા નહીં આવે અને હકારાત્મક વલણ સાથે આપણી જાતને આપણે સારા કાર્યમાં સમર્પિત કરી શકીશું. તેઓએ કેટલાક આદર્શ, પ્રાણરૂપ જીવન જીવતી વ્યક્તિઓનાં ઉદાહરણ પણ આપ્યાં. આ ઉદાહરણો આપીને જણાવ્યું કે આવી અનેક વ્યક્તિઓ સમાજમાં વિદ્યમાન છે અને એ જ રીતે શિવાનંદ આશ્રમ કે જ્યાં સેંકડોની સંખ્યામાં યોગ મુમુક્ષુઓ રોજ આવે છે તેમજ સામાજિક, ધાર્મિક જેવી અનેક પ્રવૃત્તિઓનું આગવું કેન્દ્ર છે ત્યારે આજના દિને આપણે દેશ, સમાજ અને આવી સંસ્થાઓને વધુ સમર્પિત થવા સંકલ્પ કરીએ તે અત્યંત જરૂરી છે.'

તા.૨૦-૮-૨૦૧૩ના રોજ શ્રાવણી પૂનમઃ શ્રાવણી પૂનમના રોજ શિવાનંદ આશ્રમ ખાતે બ્રાહ્મણ સમાજ દ્વારા ૧૦૦ ઉપરાંત બ્રાહ્મણો દ્વારા જનોઈ બદલવાના કાર્યક્રમે સમગ્ર વાતાવરણને વેદગાનોથી ભરી દીધું.

તા.૨૮-૮-૨૦૧૩ના રોજ જન્માષ્ટમી પર્વઃ જન્માષ્ટમીના રોજ રાત્રે ૯: ૦૦ થી ૧૨: ૦૦ સુધી પરમ પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજની દિવ્ય ઉપસ્થિતિમાં ડૉ. જયંત વસાવડાના સ્વરગુંજન હાટકેશ ગ્રુપના કલાકારો દ્વારા ભક્તિસંગીતનો કાર્યક્રમ આયોજાયો, કલાકારોએ સમગ્ર ભાવિકોને મંત્રમુગ્ધ કરી દીધા. પરમ પૂજ્ય સ્વામીજી મહારાજે મહારાત્રીના મહાલય સમયે સૌ ભક્તોને શ્રીકૃષ્ણ રસમાં તરબોળ કર્યા. શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી, પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું. સૌ ભક્તોનાં હૃદય હર્ષોલ્લાસથી ભરાઈ ગયાં.

મોક્ષ

મિત્રો,

મોક્ષ એટલે જન્મ અને મરણમાંથી મુક્તિ. તેનાથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે. તેને પોતાનો અવકાશ કે કાળ કે તેનામાં બહારની આત્મિક સ્થિતિ જેવું કંઇ હોતું નથી.

મોક્ષ કે અંતિમ મુક્તિ પ્રાપ્ત કરવા તમે જન્મ્યા છો. મોક્ષ તમારું જીવન-લક્ષ્ય છે. ''હું'' અથવા ''હું''પદનો પૃચ્છા અથવા 'હું કોણ છું?'ના વિચાર દ્વારા નાશ કરો. તમે મોક્ષ પ્રાપ્ત કરશો અને સૃષ્ટિના શહેનશાહ તરીકે પ્રકાશી ઊઠશો.

આ જ જન્મમાં તમને મોક્ષની પ્રાપ્તિ થાય. ઓમ્ તત્ સત્

- સ્વામી શિવાનંદ

Suvarna
Antique
collection
કુંદન..જાણે સૃષ્ટિભર આકર્ષણના પર્યાય.
SUVARNAKALA®
Gold, Diamond & Jadtar Jewellery
BIS Approved Jeweller
પ્રકૃતિનાં સુંદરતમ સર્જનોમાં નારીનો પણ સમાવેશ થાય છે. સુવર્ણકલા કુદરતનાં આ અપ્રતિમ સર્જનનાં શણગાર માટે હંમેશા કંઈક નવું લાવતા રહે છે. રાજા રજવાડાઓની રિયાસતની સાથે વખણાય છે તેમનાં આભૂષણો. આ જ પ્રકારની આભા ધરાવતા દાગીનાની વિશાળ શ્રેણી એટલે સુવર્ણકલાનું Suvarna Antique Collection. જે બનશે નારી માટે આકર્ષણનાં પર્યાય.
સોનાના દાગીના હવે સરળ હપ્તે ઉપલબ્ધ.
અમદાવાદ: સી. જી. રોડ: નેશનલ પ્લાઝા, લાલ બંગલા સામે, અમદાવાદ-380 006. રતનપોળ: 'સુવર્ણ મહલ', મરચીપોળની સામે, અમદાવાદ-380 001.
વડોદરા: અલકાપુરી: 1, ગોકુલેશ કોમ્પ્લેક્ષ-II, 'સાસુમા' ડાઈનીંગ હોલની બાજુમાં, આર. સી. દત્ત રોડ, વડોદરા-390 007.
HETARSH
100% BIS Hallmark Jewellery
Follow us on:

ISO 22000

સ્વાદ અને ગુણવત્તાની પરંપરા

શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.

ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!

રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લિ.

સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com